સુવિચાર

ધીરજ અને સત્યતા આ બંને એવી વસ્તુઓ છે, જે તમને ક્યારે પણ કોઈની નજરોમાં કે કોઈના પગમાં પડવા નહીં દે!

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year:9, Issue: 216, Dt.25-06-2024 (Tuesday)

Email ; saurashtrakranti@gmail.com

FOLLOW US!

saurashtrakranti
Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2024-26,VALID UP TO 31-12-2026 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

Registration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 10 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧




તસવીરઃ દિલીપ ગોહેલ

# અગ્નિકાંડ સામે ભારેલો આક્રોશઃ રાજકોટ સજ્જડ બંધ





## ગેમઝોન અગ્નિકાંડ ઘટનાની પ્રથમ માસિક પુણ્યતિથીઃ શહેરના ધર્મેન્દ્ર રોડ, પેલેસ રોડ, કોઠારીયા રોડ સહિતના વિસ્તારો સ્વયંભૂ બંધ

રાજકોટ, તા.૨૫

અગ્નિકાંડમાં હોમાય ગયેલા પીડિત પરીવારને ન્યાય અપાવવા માટે આજે પ્રથમ માસિક પુણ્યતિથી નીમિતે રાજકોટના મોટા ભાગના વેપારીઓએ બંધ પાડી સ્વર્ગસ્થોનોને શ્રધ્ધાંજલી આપી હતી. શહેરના ધર્મેન્દ્ર રોડ, પરા બજાર, સોની બજાર, પેલેસ રોડ, લાખાજીરાજ રોડ, કોઠારીયા રોડ સહિતના વિસ્તારો સવારથી જ સ્વયંભૂ બંધ રહ્યા હતા. સવારે ૯૫ ટકા દુકાનો બંધ રહી હતી. માત્ર ૫ ટકા વેપારીઓએ ધંધા-રોજગાર ચાલુ રાખ્યા હતા. ત્યાં કોંગ્રેસના આગેવાનો, કાર્યકર્તાઓએ શાંતિપૂર્ણ અપીલ કરતા બંધ કરી દેવામાં આવ્યા હતા.

પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ, પુર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજ્યગુરૂ, શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, પરેશ ધાનાણી, ધારાસભ્ય જીજ્ઞેશ માવાણી, રણજીત મુંધવા સહિતના કોંગી આગેવાનો કાર્યકરો દ્વારા વેપારીઓને દૂકાન બંધ રાખવા હાથ જોડી અપીલ કરવામાં આવી હતી.

આજે શહેરના મુખ્ય વેપારી વિસ્તારોમાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શકિતસિંહ ગોહિલ, પરેશ ધાનાણી, જીજ્ઞેશ મેવાણી, ઋત્વિક મકવાણા, શૈલેષ પરમાર, પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજયગુરૂ, શહેર પ્રમુખ અતુલ રાજાણી, પ્રદેશ નેતાઓ મહેશ રાજપૂત, જશવંતસિંહ ભટ્ટી, ગાયત્રીબા વાઘેલા, સુરેશ બથવાર, રણજીત મુંધવા સહિતના આગેવાનો અને કાર્યકરોની ટીમ ફરી વળી હતી. જુના રાજકોટની પરાબજાર, દાણાપીઠ, ગુંદાવાડી સહિતના વેપારી સંગઠનોએ ગઈકાલે જ બંધને સમર્થન જાહેર કર્યુ હતું.

રાજકોટની લાખાજીરાજ રોડ, ઘીકાંટા રોડ, દાણાપીઠ સહીતની અનેક બજારો આજે અડધો દિવસ બંધ રહી છે. ચાની લારી અને દુકાનો, પ્રોવિઝન સ્ટોર અને પાનની દુકાનો બંધ રહી છે. વેપારીઓએ મૃતકોને શ્રધ્ધાંજલીરૂપે અડધો દિવસ બંધ પાળ્યો છે. સોની બજારમાં પણ આજે સવારે મોટા ભાગના શોરૂમ બંધ રહ્યા હતા. ન્યાયની માંગણીમાં તમામ વેપારી વર્ગ સામેલ થયો છે.

રાજકોટ હોલસેલ ટેકસટાઈલ એસો.નાં ૩૦૦ વેપારીઓ પણ આ બંધમાં જોડાયા હતા. જંકશન પ્લોટ, ગાયકવાડી પ્લોટ વેપારી મંડળે બંધને ટેકો આપ્યો હતો.

રાજકોટના ગેમઝોનની દુર્ઘટનાના શોકમાં આજે શહેર શોકમય બંધ થયું છે ત્યારે અન્ય રાજયોમાંથી પણ કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો રાજકોટ આવ્યા હતા. મધ્યપ્રદેશ, ઝારખંડમાંથી કોંગી કાર્યકરોની ટીમ ગઈકાલે જ રાજકોટ આવી ગઈ હતી.

આજે સ્વયંભુ બંધ પાળવાની સ્થાનિક નેતાઓની અપીલમાં તેઓ પણ જોડાયા હતા અને બજારમાં ફર્યા હતા. જે દુકાનો ખુલ્લી હતી ત્યાં વેપારીઓને વિનંતી કરીને ધંધા બંધ કરવા અનુરોધ કર્યો હતો.

ગેમઝોનના અગ્નિકાંડમાં આજ સુધીમાં અધિકારીઓની બદલી, ધરપકડ, સસ્પેન્શન, પુછપરછ, સેંકડો નિવેદન સહિતની કાર્યવાહી થઈ છે. હાઈકોર્ટ દર સુનાવણી વખતે સરકારની ઝાટકણી કાઢે છે. આથી આ બનાવમાં હજુ ઉચ્ચ અધિકારીઓ અને જો કોઈ ચૂંટાયેલા લોકોની ભૂમિકા હોય તો તેમની સામે પણ કાર્યવાહી કરવાની બુલંદ માંગણી આજે પણ કોંગ્રેસે કરી છે.

# GST થી ઘર ઉપયોગની અનેક ચીજવસ્તુઓ સસ્તી થઇ

## સામાન્ય લોકોની થઈ રહી છે બચતઃ ૧૪૦ કરોડ લોકોના જીવનમાં સુધારો

નવી દિલ્હી, તા.૨૫

સમગ્ર દેશમાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) લાગુ થયાને ૭ વર્ષ થઈ ગયા છે. ૧ જુલાઈ ૨૦૧૭ ના રોજ મોદી ૧.૦ સરકાર દ્વારા તેનો અમલ કરવામાં આવ્યો હતો. આ GST હેઠળ ૧૭ સ્થાનિક કર અને ફરજો સામેલ કરવામાં આવી હતી. આવી સ્થિતિમાં હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર આ સાત વર્ષમાં સામાન્ય લોકો દ્વારા ઉપયોગમાં લેવાતા ઉત્પાદનો અને સેવાઓ પરના ટેક્સમાં ઘટાડો વિશે લખ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને નાણામંત્રી નિર્મલા સીતારમણે સામાન્ય માણસને GSTના ફાયદા વિશે જાણકારી આપી છે.



પીએમ મોદીએ લખ્યું કે GST દ્વારા સુધારા એ આપણા માટે ૧૪૦ કરોડ ભારતીયોના જીવનને સુધારવાનું એક માધ્યમ છે. GST લાગુ થયા બાદ ઘરનો સામાન ઘણો સસ્તો થઈ ગયો છે. જેના કારણે ગરીબો અને સામાન્ય માણસો માટે ઘણી બચત થઈ છે. અમે લોકોના જીવનમાં પરિવર્તન લાવવા માટે આ સુધારાઓને આગળ ચાલુ રાખવા માટે પ્રતિબદ્ધ છીએ. પીએમ મોદી દ્વારા તેની સાથે જોડાયેલ ડેટા અનુસાર, જો આપણે સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સીસ એન્ડ કસ્ટમ્સના ડેટા પર વિશ્વાસ કરીએ તો, GST લાગુ થયા પછી, લોટ, કોસ્મેટિક્સ, ટેલિવિઝન, રેફ્રિજરેટર વગેરે સહિતની મોટાભાગની ઘરગથ્થુ વસ્તુઓમાં સસ્તું બને છે.

તે જ સમયે, સસ્તી ઘરગથ્થુ ચીજવસ્તુઓને કારણે, લોકો પરનો આર્થિક બોજ ઓછો થયો છે અને લોકોની બચત કરવાની ક્ષમતામાં પણ સુધારો થયો છે. આ અંગે નાણામંત્રી નિર્મલા સીતારમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું છે. અગાઉ શનિવારે GST કાઉન્સિલની બેઠકમાં નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું હતું કે, 'હું કરદાતાઓને ખાતરી આપવા માંગુ છું કે અમારો હેતુ કરદાતાઓનું જીવન સરળ બનાવવાનો છે.'

# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા નવી ભરતી થશે

## ખેતી મદદનીશ, બાગાયત મદદનીશ, અતિથિ ગૃહમાં મેનેજરની જગ્યાની ભરતી થશે

અમદાવાદ, તા.૨૫

ગુજરાતમાં સરકારી નોકરી માટે તૈયારી કરતા યુવાનો માટે મોટા સમાચાર સામે આવ્યા છે. જેમાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા નવી ભરતીની જાહેરાત કરવામાં આવી છે. સોમવારે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના સચિવે સોશિયલ મીડિયા પોસ્ટ કરીને આ માહિતી આપી હતી.

આ ભરતી અંગે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના સચિવ હસમુખ પટેલે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને માહિતી આપી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે ખેતી મદદનીશની ૪૩૬ જગ્યાઓ ભરવામાં આવશે. આ સાથે જ બાગાયત મદદનીશની ૫૨ જગ્યાઓ અને અતિથિ ગૃહમાં મેનેજરની ૧૪ જગ્યાઓ પર ભરતી કરવામાં આવશે.

યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી તારીખ ૦૧/૦૭ થી ૨૦/૦૭/૨૦૨૪ સુધીમાં OJAS પર online application મંગાવવા આજે GSSSBની સત્તાવાર વેબસાઈટ પર ૧૫.૦૦ કલાકે નોટિફિકેશન મુકવામાં આવશે.

# દિલ્હીમાં અગ્નિકાંડઃ ઈન્વર્ટરમાં આગ લાગતા ચારના મોત

## આગમાં માતા-પિતા અને ૨ જુવાનજોધ પુત્રોના મોત

નવી દિલ્હી, તા.૨૫

દિલ્હીમાં ફરી એકવાર ભીષણ આગની ઘટના સામે આવી છે. બહારી દિલ્હીના પ્રેમનગરમાં એક મકાનમાં આગ લાગવાથી ચાર લોકોના મોત થયા છે. ધુમાડામાં ગૂંગળામણના કારણે પતિ-પત્ની અને તેમના બે પુત્રોએ જીવ ગુમાવ્યા હતા. ઈન્વર્ટરથી લાગેલી આગ અન્ય વસ્તુઓમાં ફેલાઈ હતી અને ધુમાડાના કારણે સમગ્ર પરિવારનો શ્વાસ રૂંધાઈ ગયા હતા.



આ ઘટના મંગળવારે વહેલી સવારે બની હતી. સાડા ત્રણ વાગ્યે પ્રેમ નગરના એક મકાનમાં આગ લાગી હતી. પ્રાથમિક માહિતી અનુસાર, આગ પહેલા માળે રાખવામાં આવેલા ઈન્વર્ટરમાં લાગી હતી અને પછી આગની જવાળાઓ સોફા સુધી પહોંચી હતી. આગ ફેલાઈ જતાં ઉપરના માળે ધુમાડો ભરાઈ ગયો હતો. (જુઓ.પાનું.૫)

# કાલાવડ રોડ પર NSUI-કોંગ્રેસ દ્વારા ચક્કાજામઃ અટકાયત







રાજકોટઃ ગેમઝોન અગ્નિકાંડ ઘટનાની પ્રથમ માસિક પુણ્યતિથિએ કોંગ્રેસે અડધો દિવસ બંધ રાખવાનું એલાન કર્યુ છે. કોંગ્રેસ દ્વારા આજે શાંતિપૂર્ણ બંધ પાળવામાં આવ્યું છે. ત્યારે શહેરનાં કાલાવડ રોડ પર કોંગ્રેસના કાર્યકરો પોલીસની બસ પર ચડી ગયા હતા અને બંધ રાખવાનું એલાન કરી રહ્યા હતા. ત્યાં પોલીસે કોંગ્રેસ કાર્યકરોની અટકાયત કરી હતી.

# અગ્નિકાંડ મુદે શાળા-કોલેજો સજ્જડ બંધ

## સ્કૂલ-કોલેજ સંચાલકો અને વિધાર્થીઓએ બંધમાં જોડાઇ અગ્નિકાંડના પીડિતોને શ્રધ્ધાંજલિ અર્પણ કરી : રોહિતસિંહ રાજપૂત





(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૨૫

અગ્નિકાંડ મુદે પીડિતોનો ન્યાય અર્થે કોંગ્રેસે આજે બંધનુ એલાન આપ્યુ છે ત્યારે રાજકોટની ૯૮% શૈક્ષણિક સંસ્થાઓએ આગલા દિવસે જ સ્વૈચ્છિક સમર્થન જાહેર કરીને આજે શૈક્ષણિક કાર્ય બંધ રાખ્યુ હતુ અને આજે અમુક સ્કૂલો-કોલેજોમા શૈક્ષણિક કાર્ય ચાલુ હતુ તે સંસ્થાઓને NSUI અને યુવા આગેવાનો આજે સવારથી બંધ કરાવવા નીકળ્યા હતા અને ૧૦ થી વધુ સ્કૂલો-કોલેજો બંધ હતી તેમા સંચાલકોને વિનંતી કરીને બંધ કરાવી હતી.જો કે ૫૦ થી વધુ સ્કૂટરો સાથે આગેવાનો અને કાર્યકરો આજે અનેક રોડ પર વિનંતી સાથે દુકાનો-વેપાર ધંધાઓ બંધ કરાવીને પીડિતોને ન્યાય માટે સમર્થનની માંગ કરી હતી અને રોડ સપૂર્ણ બંધ કરાવ્યા હતા.

જો કે કાર્યકરોએ ૧૦ કિમી જેટલા રાજકોટના મુખ્ય માર્ગોને શાંતિપૂર્વક બંધ કરાવ્યા બાદ સ્વામિનારાયણ મંદિર સામે પોલીસે કાર્યકરોને અટકાવતા ૩૦ મીન સુધી ટ્રાફિક સર્જાયો હતો અને કાર્યકારોએ પોલીસની ખોટી રીતે દમનગીરીનો વિરોધ કરતા થોડો સમય કાલાવડ રોડ કાર્યકરોએ બાનમા લેતા પોલીસના ધાડાધાડા ઉતર્યા હતા અને ૨૦ જેટલા કાર્યકરોની પોલીસે અટકાયાત કરી હતી.

કોંગ્રેસના યુવા આગેવાન રાજદીપસિંહ જાડેજા,રોહિતસિંહ રાજપુત ,NSUI ના પ્રદેશ પ્રમુખ નરેન્દ્ર સોલંકી,યુવા કોંગ્રેસના પ્રમુખો અલ્પેશ સાધરિયા,હરપાલસિંહ જાડેજા,NSUI ના પ્રદેશ હોદેદારો ઈશ્વર ડામોર,અંકિત સોંદરવા,કરણ મોદી,મયુર ખોખર, NSUIના રાજકોટ બંને પ્રમુખો બ્રિજરાજસિંહ રાણા સહિત યુવા કોંગ્રેસના કાર્યકરો યશ ભીંડોરા,જીત સોની,રોનક સહિત અનેક વિદ્યાર્થી કાર્યકર્તાઓ આજે આયોજન કર્યુ હતું.

# લોકશાહીના ઈતિહાસનો કટોકટી દિવસ, કોંગ્રેસ દ્વારા લદાયેલ સરમુખત્યારશાહીનો દિવસઃ મુકેશ દોશી



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૨૫

રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાની એક સંયુક્ત યાદીમાં જણાવ્યું હતું કે ૪૮ વર્ષ પહેલાની એ ૨૫ જૂન લોકશાહીના ઈતિહાસનો કલંકિત અને કાળો દિવસ તરીકે ઓળખવામાં આવે છે. તત્કાલિન વડાપ્રધાન સ્વ. ઇન્દિરા ગાંધીએ મંત્રીમંડળની પરવાનગી વગર તત્કાલિન રાષ્ટ્રપતિ ફખરૂદ્દીન અલી અહમદ પાસે રાતોરાત અધ્યાદેશ પર હસ્તાક્ષર કરાવી દેશમાં ''કટોકટી'' જાહેર કરી હતી. ૬૩૫ દિવસ ચાલેલા આ યુધ્ધમાં ગુજરાતની ભૂમિકા મહત્વની હતી. કોંગ્રેસ સરકારનો વિરોધ કે વિરોધની વિચારસરણી ધરાવનાર માટે ઘર નહિં પરંતુ જેલ એ ઘર બની ગયું હતું. દેશભરમાંથી હજારો કાર્યકરો જેમાં ભારતીય જનસંઘ, રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘ, અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ સહિત બિન પક્ષીય સામાજીક કાર્યકરોને કોંગ્રેસની સરકારના દિશા દર્શન હેઠળ જેલમાં મોકલવામાં આવ્યા હતા. દેશમાં રાજકીય વિરોધના કે દેશના હિતના વિચારો રજૂ કરનારને કોઈ સ્થાનન હોતું. ગરીબોની વેદના સાંભળનાર કોઈ નહોતું, શોષિત, પીડિતનો અવાજ રજુ કરનાર જેલ ભેગા થઈ ગયા હતા. જેમાં અટલ બિહારી બાજપાયી, લાલકૃષ્ણ અડવાણીજી, સ્વ.વિજયરાજમાતા સિંધયા, સ્વ. ગાયત્રીદેવી, રાષ્ટ્રીય સ્વંસેવક સંઘના તત્કાલિન સરસંઘચાલક સ્વ.બાળા દેવરસ સહિત હજારો લોકોને જેલ ભેગા કરવામાં આવ્યા હતા. જે તે સમયે ગુજરાતમાં જનતા સરકારની સરકાર હતી અને કોંગ્રેસ સરકારના આ નિર્ણયથી સરકારે કટોકટી સામે રાજીનામું આપી આંદોલનમાં ઝુંકાવ્યું હતું. કટોકટી વિરૂધ્ધ લડવા માટે આપણી ગુજરાતી ભૂમિ એ સલામત સ્થળ છે એ વાક્યને જનસંઘના તત્કાલિન મહામંત્રી સ્વ.વસંતભાઈ ગજેન્દ્ર ગડકરે કહયું હતુ અને કરી બતાવ્યું હતું.

શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીએ વધુમાં જણાવ્યું હતું કે આ કટોકટીના સમયે લોકશાહીની રક્ષા માટેના આ આંદોલનમાં ગુજરાત રાજય દેશને દિશા આપનારૂં રાજય બન્યું હતું. ગુજરાત અને ગુજરાતના નરેન્દ્રભાઈ મોદી જેવા વિચક્ષણ કાર્યકરોની યુક્તિઓ, યોજનાઓ, ભૂગર્ભ લડાઈની યોજનાઓ થકી કટોકટીને ઉઠાવવી પડી હતી અને દેશમાં લોકશાહીની પુનઃસ્થાપના થઈ હતી.

વધુમાં જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટી રાષ્ટ્રની એકતા અને અખંડિતતા તેમજ લોકતંત્રની રક્ષાના સિધ્ધાંતોને લઈને દેશની રાજનીતીમાં કાર્યરત રાજકીય પાર્ટી છે. ભાજપાના કાર્યકરો માટે પાર્ટી કરતા દેશનું હિત હંમેશા મહત્વનું રહ્યું છે. દેશને આતંકવાદથી મુક્ત કરવાનું આંદોલન હોય, કાશ્મીર ભારતનું અભિન્ન અંગ બની રહે તે માટેની લડાઈ હોય કે સ્વ. ઈન્દિરા ગાંધી દ્વારા તા. ૨૫ જુન, ૧૯૭૫ માં લદાયેલ કટોકટી સામે લોકશાહી રક્ષાનું આંદોલન હોય ભાજપાએ દેશના વ્યાપક હિતમાં પરિશ્રમશીલ બની સમયે સમયે પોતાની ભુમિકા ભજવી છે અને દેશ હિત માટે કાર્ય કર્યુ છે. ભાજપનો પક્ષ ગર્વથી બંધારણની રક્ષા કરશે, ભારતની લોકશાહી અને લોકતાંત્રિક પરંપરાઓનું રક્ષણ કરીશે, અને પ્રતિજ્ઞા લઈશું કે ૪૮ વર્ષ પહેલા જે થયું તે ફરી વાર કોઈ કરી શકે.તેમ જણાવ્યુ છે.

### શહેર ભાજપ દ્વારા ડો.શ્યામાપ્રસાદ મુખર્જી સ્મૃતિ દિવસ અંતર્ગત

# 'એક પેડ માં કે નામ' વૃક્ષારોપણ કાર્યક્રમનુ આયોજન

## દેશમાં ફરી હરિયાળી ક્રાંતિ સર્જાય તે માટે વૃક્ષો ઉગાડવા તેનું જતન કરવું દેશના હિતમાં ખુબ જ જરૂરી છે : મુકેશ દોશી



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૨૫

શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાની એક સંયુકત યાદીમાં જણાવ્યું હતુ કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તા. ૫ જૂન, ૨૦૨૪ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે દિલ્હીના બુધ્ધ જયંતિ પાર્કમાં પીપળાનું વૃક્ષ વાવીને ''એક પેડ માં કે નામ'' અભિયાનની શરૂઆત કરી હતી. આ અભિયાનને આગળ વધારતા પક્ષના રાષ્ટ્રીય સ્તરથી પેજ પ્રમુખ સ્તર સુધીના તમામ કાર્યકર્તાઓએ તા.૨૩ જૂન ડો.શ્યામા પ્રસાદ મુખર્જી સ્મૃતિ દિવસ અંતર્ગતથી સેવાકીય કાર્યક્રમો આગામી તા. ૬ જુલાઈના તેમના જન્મ દિવસ સુધી ગુજરાત પ્રદેશ ભાજપની યોજના દ્વારા ''એક પેડ માં કે નામ'' અભિયાન થકી પૃથ્વી અને માનવ જાતને ગ્લોબલ વોર્મિંગ સામે સુરક્ષિત કરવા અને ભવિષ્યની પેઢીને શ્રેષ્ઠ પર્યાવરણની ભેટ આપવા માટે પર્યાવરણનું જતન અને વાવેતર એ આપણી માનવીય ફરજ છે, તે સંદેશ આપે છે. આ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ દરેક વોર્ડના બુથ પર દરેક કાર્યકર્તાના માતૃશ્રીના નામે એક વૃક્ષ રોપવાનો કાર્યક્રમ કરવામાં આવશે જે તે કાર્યકર્તાના માતૃશ્રીના નામથી વૃક્ષ ઉછેરવાનું અને વૃક્ષનું જતન કરવું એ દેશના હિતમાં ખુબ જ જરૂરી છે. આ અભિયાનમાં રાજકોટના દરેક નાગરિકો ભાગ લે તેમજ જાહેર સંસ્થાઓ, શાળાઓ, કોલેજો, શૈક્ષણિક સંસ્થાઓ અને એન.જી.ઓને પણ આ અભિયાનમાં સામેલ કરવામાં આવશે. ' એક પેડ માં કે નામ'' કાર્યક્રમને લોકોનો કાર્યક્રમ બનાવવા માટે જનજાગૃત્તિ અભિયાન ચલાવવાનો કાર્યક્રમ કરવામાં આવશે.શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીના માર્ગદર્શન હેઠળ મહાનગરના સંયોજક તરીકે શહેર ભાજપ મંત્રી વિજયભાઈ પાડલીયા, સહસંયોજક વિજયભાઈ ટોળીયા અને ભગવતીબેન ઘરોડીયાની આગેવાનીમાં આ કાર્યક્રમ કરવામાં આવશે.તેમ જણાવ્યુ છે.

**યુનીયન બેંક ઓફ ઈન્ડીયા દ્વારા શ્રી રાજમોતી ઈન્ડસ્ટ્રીઝની સ્થાવર મિલકતનું વેચાણ ઈ-ઓકશન સિવાય કરવામાં આવી રહયુ હોય તે અન્વયે જાહેર નોટીસ**

**BUYER/SELLER BEWARE**

અમોના અસીલ મે. શ્રી રાજમોતી ઈન્ડસ્ટ્રીઝ ઠે. ભાવનગર રોડ, ચુનારાવાડ ચોક, રાજકોટ સર્વે નં. ૫૦૭૪ વોર્ડ નં. ૬ નો પ્રત્યક્ષ કબજો મે. યુનીયન બેંક ઓફ ઈન્ડીયા દ્વારા લીડ કરવામાં આવતા કર્ન્સોટીયન અમદાવાદ દ્વારા કાયદા દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલી પ્રક્રિયા અનુસર્યા વગર લેવામાં આવેલ છે.

સદર મે. યુનીયન બેંક ઓફ ઈન્ડીયા (હવે પછીથી સદર બેંક તરીકે સંબોધેલ છે) દ્વારા અમોના અસીલની સદર સ્થાવર મિલકતનુ વેચાણ ઈ-ઓકશન સિવાય કરવામાટેના જુદા-જુદા પ્રયત્નો કરવામાં આવી રહયા છે. સદર બેંકનો અમોના અસીલની સદર સ્થાવર મિલકત અન્વયેનો બદ ઈરાદો બર લાવવામાં આવી રહયો હોવાથી જાહેર જનતા જોગ જાણ બાબતો અન્વયે અમોના અસીલ કાયદાકીય પગલાંઓ જવાબદારો સામે લેશે.

સદર બેંક કોઈપણ ભોગે અમોના અસીલની સદર સ્થાવર મિલકતનુ વેચાણ તથા તેમાં પડેલા માલ, યંત્રો, સ્પેરપાર્ટસ, સ્ટેશનરી વિગેરે સહીત કાયદાથી ઉપરવટ જઈને કરવા માંગતા હોય અને જાહેર જનતા જોગ વિશ્વાસઘાત કરી રહયા હોય જેનું આથી સર્વેનું ધ્યાન દોરીએ છીએ.

અમો આથી જાહેર જનતાનું નમ્રપણે અમારા અસીલની સુંચના અને માહીતી મુજબ ધ્યાન દોરીએ છીએ કે સદર બેંક દ્વારા અમોના અસીલની સદર સ્થાવર મિલકત અન્વયે કાયદાથી ઉપરવટના પગલાંઓ લેવામાં આવી રહયાં છે. આથી જાહેર જનતા તથા હિત ધરાવનાર તમામને ચેતવણી આપવામાં આવે છે કે ઉપરોકત જણાવેલ હકિકતોથી ઉપરવટ જઈને સદર બેંકના બદ ઈરાદાઓ બર લાવવાની ગેરકાયદે કામગીરીનો જો કોઈપણ રીતે સહભાગી બનશે તો તેવા તમામ લોકો સામે સંયુકત તથા વિભકત રીતે કાનુની કાર્યવાહીઓ હાથ ધરવામા આવશે.

રાજકોટ.
તા. ૨૩-૬-૨૦૨૪

**સમીર મધુકાંત શાહ**
પાર્ટનર એન્ડ ઓથોરાઈઝડ સીગ્નેચરી
મે. શ્રી રાજમોતી ઈન્ડસ્ટ્રીઝ
(મારી સુચના અને માહીતી મુજબ)

**તારક એમ. સાવંત**
તે શ્રી રાજમોતી ઈન્ડસ્ટ્રીઝના
એડવોકેટ દરજજે

# દારૂની ૭૮ બોટલ સાથે આરોપી ઝડપાયો



રાજકોટ તા.૨૫

ગોંડલના બેટાવડ ગામમાં દારૂની ૭૮ બોટલ સાથે મેહુલભાઈ લાલકીયા ઝડપાયો હતો. પોલીસે રૂ.૩૧ હજારનો મુદ્દામાલ કબ્જે કાર્યવાહી કરી હતી. ગોંડલ તાલુકા પોલીસ મથકના પીએસઆઈ આર.આર.સોલંકી, હેડ કોન્સ્ટેબલ રૂપકબહાદુર બોહરા, કોન્સ્ટેબલ રણજીતભાઈ ધાધલ, રવિરાજસિંહ વાળા, સંજયભાઈ મકવાણા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો.

દરમિયાન ખાનગી રાહે હકીકત મળેલ કે મેહુલ દિનેશભાઈ લાલકીયા (રહે. બેટાવડ ગામ) પોતાના ઘરે દારૂની બોટલો રાખેલ હોવાની બાતમી મળી હતી. જે સ્થળે દરોડો પાડી દારૂની ૭૮ બોટલ સાથે મેહુલ દિનેશભાઈ લાલકીયાને પકડી પાડયો હતો. પોલીસે રૂ.૩૧,૨૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

### ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા

# રાજકોટ-સૌરાષ્ટ્રના રેલ્વેના મુસાફરોને પડતી હાલાકી અંગે રજુઆત કરાઇ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૨૫

ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા જણાવ્યુ હતુ કે, રાજકોટ સૌરાષ્ટ્રનું મુખ્ય મથક હોય અને રાજકોટ ખાતેથી ટ્રેઈન મારફત મુસાફરી કરતા મુસાફરોને પુરતી સગવડતા મળી રહે તે માટે પુરતા પ્રયત્નો થવા ખુબ જ જરૂરી છે. જે અનુસંધાને અમારી સંસ્થાને રાજકોટ રેલ્વે જંકશન પરથી ઉપડતી ટ્રેઈન નં. ૨૨૭૧૭ કે જે રાજકોટ-સિકંદરાબાદની છે તેમાં મુસ-ાફરોને આ ટ્રેઈન જંકશનના પ્લેટફોર્મ નં. ૧,૨,૩ ખાલી હોવા છતાં છેક પ્લેટફોર્મ નં. ૪ ઉપરથી ઉપાડતા હોવા અંગે અસુવિધાનો સામનો થઇ રહ્યો હોવાનું પ્રકાશમાં આવેલ છે. જેમાં પ્લેટફોર્મ નં. ૪ સુધી પહોંચવા પ્રથમ તો કોઇ લીફટ કે એકસેલેટરની સુવિધા નથી, આ પ્લેટફોર્મ નં. ૪ ઉપર પ્રાથમીક સુવિધાઓ જેવી કે, બેસવા માટે બાંકડા, બેન્ચ કે કોઇ વૈકલ્પીક સુવિધાનો અભાવ છે, તાપ અને વરસાદથી બચવા માટે પતરાના શેડ કે અન્ય કોઇ સુવિધા નથી. જેથી આગામી વરસાદની સિઝનમાં મુસાફરો પોતે તથા તેમનો સામાન ભીજાઇ જવાની ભીતી રહેલ છે.

અને પ્લેટફોર્મ નં. ૧, ૨, ૩ પર આ ટ્રેઈનના ઉપડવાના સમય પર ખાલી હોવા છતાં તેનો ઉપયોગ ન કરીને મુસ-ાફરોને છેક પ્લેટફોર્મ નં. ૪ સુધી લંબાવવું પડે છે. જેમાં મહિલા, બાળકો અને સિનીયર સીટીઝનોને ઘણી જ હેરાનગતી થાય છે.

તે ઉપરાંત આ ટ્રેઈન નં. ૨૨૭૧૭ રાજકોટ-સિકંદરાબાદ અને તેની જેમ જ ટ્રેઈન નં. ૨૦૯૬૮ પોરબંદર-સિકંદરાબાદ પણ આ રૂટ પર ચાલીને હૈદરાબાદ ખાતે સ્ટોપ કરે છે. પરંતુ બંને ટ્રેઈનો હૈદરાબાદના બેગમપેટ સ્ટેશન ખાતે સ્ટોપ કરે છે.

જયારે કે હૈદરાબાદનું એક અન્ય સ્ટેશન છે કે જયાં ગુજરાતી પરિવારોની સંખ્યા વધુ છે અને ત્યાં ચડવા-ઉતરવાવાળા મુસાફરો પણ હોય છે. જયાં ઉપરોકત ટ્રેઈનો સ્ટોપન કરતા બેગમપેટ સ્ટેશને ઉભી રહેતી હોય, ત્યાંથી ફરી રીક્ષા / કેબ ભાડા ચુકવીને મુસાફરોને ૧૫ કિમી જેટલુ અંતર કાપીને પોતાના ગંતવ્ય સ્થળે પહોંચવુ પડે છે.

વળી સિગ્નલને લીધે ટ્રેઈન ખરેખર ઉભી રહે જ છે. પરંતુ કાયદેસરનું સ્ટોપ ન હોય, તેને ખરેખર થોભાવીને મુસાફરોને થઇ રહેલ હાલાકી દુર કરવા માટે ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા રાજકોટ રેલ્વે ડિવીઝનના ડી.આર.એમ.ને પત્ર લખીને આ બાબતે વહેલીતકે ઉચીત પગલા લેવા જણાવેલ છે.

## તંત્રી લેખ

# લોકસભાનો સત્રારંભ

અઢારમી લોકસભાનું પ્રથમ સત્ર ગઈકાલથી શરૂ થઈ રહ્યું છે અને ભારતીય સંસદના કામકાજમાં રહેલી ખામીઓને દૂર કરવાની આ શ્રેષ્ઠ તક છે. નવી લોકસભાને અગાઉની બે લોકસભા કરતાં અલગ ગણવામાં આવી રહી છે, કારણ કે તે પ્રસંગોએ ભારતીય જનતા પાર્ટી પાસે સંપૂર્ણ બહુમતી હતી. વિપક્ષ આ વખતે જોરાવર છે ઉપરાંત ભાજપને સાથી પક્ષોનું પરાવલંબન પણ છે. કટોકટીકાળની પચાસમી વરસીના ઉલ્લેખ સાથે વડાપ્રધાન મોદીએ અઢારમી લોકસભાને સંબોધીને કહ્યું કે પચાસ વરસ પહેલાં બંધારણ ફેંકી દેવાયું હતું. આ વખતે પણ ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર પાસે બહુમતી છે, પરંતુ તેને રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધનના સહયોગીઓનો ટેકો લેવો પડયો છે. તેમને તેમના કાયદાકીય કાર્યસૂચિને આગળ વધારવા માટે તેમની મદદની પણ જરૂર પડશે.

આ સિવાય વિપક્ષ પાસે પણ આ વખતે સારી એવી સીટો છે. જો વિપક્ષ આગામી ચાર રાજ્યોની ચૂંટણી પૂર્વે ગઠબંધન જાળવવામાં સફળ થાય છે, તો તે સરકારની નીતિઓ અંગે મહત્ત્વપૂર્ણ પ્રશ્નો ઉઠાવવાની સ્થિતિમાં હશે. દેખીતી રીતે સંસદીય લોકશાહી માટે આ વધુ સારું રહેશે. ૧૦ વર્ષ બાદ વિપક્ષના ઔપચારિક નેતા પણ ગૃહમાં હાજર રહેશે. પીઆરએસ લેજિસ્લેટિવ રિસર્ચ દ્વારા સંકલિત ડેટા અનુસાર, ૧૭મી લોકસભાએ તેના નિર્ધારિત સમયના ૮૮ ટકા કામ કર્યું. જોકે, ગૃહની બેઠકના દિવસોની સરેરાશ વાષક સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. દર વર્ષે સરેરાશ ૫૫ દિવસ લોકસભાની કાર્યવાહી ચાલતી હતી, જ્યારે ૧૬મી લોકસભામાં આ સરેરાશ ૬૬ દિવસ હતી. તેની સરખામણીમાં પહેલી લોકસભામાં આ સમયગાળો ૧૩૫ દિવસનો હતો. જોકે રોગચાળાએ આ વાષક સરેરાશ દિવસોમાં ઘટાડો કર્યો છે, પરંતુ ૧૫માંથી ૧૧ સત્રો વહેલા સમાપ્ત કરવા પડયાં. કામકાજના દિવસોની આ અછતને કારણે ગૃહની કામગીરી પર ઊંડી અસર પડી છે.

પાછલી લોકસભામાં લગભગ ૩૫ ટકા બિલો એક કલાકથી ઓછા સમયમાં પસાર થઈ ગયાં હતાં. નોંધનીય બાબત એ છે કે ૧૭મી લોકસભા દરમિયાન બંને ગૃહોના સભ્યોને સસ્પેન્ડ કરવાની ૨૦૬ ઘટનાઓ બની હતી. ૨૦૨૩ના શિયાળુ સત્રમાં ગેરવર્તણૂકના કારણે ૧૪૬ સભ્યોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. તાજેતરના પ્રદર્શનને જોતાં, ૧૮મી લોકસભામાં વર્તમાન વલણ બદલાશે તેવી અપેક્ષા રાખવી વ્યાજબી છે. જ્યારે ગૃહની સુચારૂ કામગીરીની જવાબદારી શાસક પક્ષની છે, ત્યારે વિપક્ષ પણ સકારાત્મક ભૂમિકા ભજવે તેવી અપેક્ષા છે. એકંદરે, શાસક પક્ષે પણ ઓછામાં ઓછા બે મોરચે સુધારો કરવાની જરૂર છે. પ્રથમ, લોકસભા અથવા બંને ગૃહોમાં એક વર્ષમાં કામકાજના દિવસોની સંખ્યા વધારવી પડશે. આનાથી સભ્યોને સંબંધિત મુદ્દાઓ ઉઠાવવાની અને સરકારનું ધ્યાન આકષત કરવાની તક મળશે.

બીજું, ખરડાઓ યોગ્ય ચર્ચા કર્યા વિના પસાર ન કરવા જોઈએ. સંસદીય પ્રણાલીમાં, સરકાર પાસે હંમેશા બહુમતી હોય છે, પરંતુ તેનો અર્થ એવો ન હોવો જોઈએ કે બિલો ચર્ચા વિના પસાર થઈ જાય. સરકારે વિપક્ષને દરેક મુદ્દા પર પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવાની તક આપવી જોઈએ. આ સિવાય ૧૭મી લોકસભામાં ૨૦ ટકાથી ઓછાં બિલ સમિતિઓને મોકલવામાં આવ્યા હતા, જ્યારે ૧૫મી લોકસભામાં ૭૧ ટકા બિલ સમિતિઓને મોકલવામાં આવ્યા હતા. સંસદીય સમિતિઓ ખરડાઓનું મૂલ્યાંકન કરવા માટેની સંપૂર્ણ પદ્ધતિ છે, જે સંબંધિત તમામ પક્ષો વચ્ચેના મતભેદોને ઉકેલવા માટે કામ કરે છે. આ સિસ્ટમનો વધુ અસરકારક ઉપયોગ થવો જોઈએ. આનાથી સરકારને વ્યાપક ચર્ચા કરવાની તક મળશે. ખાસ કરીને સંવેદનશીલ મુદ્દાઓ પર. કોઈ વિચારની રાજકીય સ્વીકૃતિ માટે ચર્ચા અને સર્વસંમતિ નિર્માણ જરૂરી છે.

# ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ૧૦ સરોવર કોર્પોરેશનને અર્પણ






(૧) વીરવીર અમૃત સરોવર- રંગોલી પાર્ક, પંડિત દીનદયાળ આવાસની સામે મૌવા (૨) કોપર એલીગેન્સ સરોવર - મવડી પોલીસ હેડ ક્વાટરની અંદર, સ્પીડવેલ ચોક (૩) લાખાણી સરોવર - સ્પીડવેલ ચોક વાળા પુલની ઉપરના ભાગમાં. સૂવર્ણ ભૂમિની સામે મોવા (૪) જીબિયા જલ મંદિર - કટારીયા ચોકડીની બાજુમાં. કોસ્મોપ્લેક્ષની સામે, કાલાવડ રોડ (૫) ડેકોરા સરોવર - કાલાવડ રોડ, હરે કૃષ્ણ હરે રામ મંદિરની પાછળ, પરિવાર આવાસની બાજુમાં, રૂડા (૬) સરોવર - ૧૫૦ ફટ રીંગ રોડ, કરણ અર્જુન પાર્ટી પ્લોટની શેરી, પવિત્રમ પ્રેયાગની સામે, મીવા (૭) સરોવર - યુનિવર્સીટી અંદર, સર્કલની બાજુમાં, મુંજકા રોડ, યુનિવર્સીટી, રાજકોટ (૮) સરોવર - રૈયા ગામની બાજુમાં, પામ યુનિવર્સ એપાર્ટમેન્ટની સામે રૈયા (૯) સરોવર - ૧૫૦ ફટ રીંગ રોડ એકવા એપાર્ટમેન્ટની પાછળ, ગીરીરાજ કોન્ક્રીટ પ્લાન્ટની બાજુમાં (૧૦) સરોવર - મીવા-કણકોટ રોડ, શનીવારીની બાજુમાં, સમન્વય પાર્ટી પ્લોટની સામે, કણકોટ





(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૨૫

સંપૂર્ણ લોક ભાગીદારીથી ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા અમૃત સમાન શુદ્ધ વરસાદી પાણીને યોગ્ય જતન કરવા સૌરાષ્ટ્ર ગુજરાતમાં અલગ અલગ જગ્યાએ તૂટેલા ચેકડેમ રીપેર, ઉંચા,તેમજ ઊંડા તેમજ નવા બનાવવાનું કાર્ય કરે છે. અત્યાર સુધી માં ૧૮૦ થી વધુ ચેકડેમ પૂર્ણ કરેલ છે. જેમાં રાજકોટ શહેર લગભગ ૬૦% થી વધુ પાણી નર્મદા ડેમ નું મોઘેરા પાણીનો વપરાશ થય રહ્યો છે, તેમાંય કાલાવડ રોડ પર નવા વિસ્તાર ડેવલોપ થતા હોય ત્યાં ૫૦૦ થી ૨૫૦૦ ફૂટ સુધી ભૂખરી વિધાય ત્યાં સુધી બોર કરવામાં આવે છે. તે પાણી પીવા લાયક હોતુ જ નથી આવા સમયે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા રાજકોટ શહેર માં જ ૧૦ ચેકડેમો (અમૃત સરોવર) પાણીના વહેણ (હોકળા) માં જે તૂટેલી હાલત માં છે કે છીછરા હોય નવા ડેમ ને રીપેર કરી ઉચા ઉપાડી ઊંડા કરવામાં આવેલ છે તે ચેકડેમ કોર્પોરશન ને અર્પણ

કોર્પોરશન દ્વારા ઉપરના બધા ચેક-ડેમોને (સરોવર) હજુ પણ ગમે ત્યારે ઉંડા કરી શકાય તેમ છે. અને લાખાણી સરોવરને બંને બાજુના પારામાં પત્થરનું પેચીંગ થાય તો પારાનું ધોવાણ અટકી શકે

આ બધા સરોવર (ચેકડેમો) થી આજુબાજુ ના વિસ્તાર માં તળના પાણી ખુબ ઊંચા આવસેજ સાથે કોર્પોરશન દ્વારા રાજકોટ ની જનતા માટે સરસ મજાનું ફરવા લાયક સ્થળ બનાવવા માટે ચેકડેમ ની ફરતે સેફટી ગ્રીલ બનાવીને સુરક્ષા બોર્ડ મારીને, વૃક્ષોનું વાવેતર કરી સ્ટ્રીટ લાઈટ. વોકીગ ટ્રેક, બનાવી ને બ્યુટીફીકેશન કરીને કરવા લાયક સ્થળ બનાવી શકાય.

હાલ માં રાજકોટ માં અનેક જગ્યાઓ છે જેમાં દબાણ હોય તે હટાવું અને ગટર ના ગંદા પાણી બંધ કરવામાં આવે તો રાજકોટ શહેર માં ૧૨૫ થી વધુ સરોવર બની શકે તેમ છે જેનાથી રાજકોટ શહેર ના લોકોને વરસાદી શુધ્ધ પાણી કાયમી મળી રહે તેનાથી બીમારીઓનું પ્રમાણ ઘટે.તેમ જણાવ્યુ છે.

# દુષ્કર્મના ગુનામાં આરોપીની ચાર્જશીટ પછીની જામીન અરજી રદ



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૨૫

ખોખળદળ નદીના પુલ પાસેથી ૧૪ વર્ષની સગીરાને ઉપાડી લઈ જઈ તેના ઉપર દુષ્કર્મ ગુજારવાનો ગુનો આજીડેમ પોલીસ સ્ટેશનમાં નોંધાતા પોલીસે આરોપી ફિરોજશા રૂસ્તમશા શામદારની ધરપકડ કરી જેલ હવાલે કરેલ અને આરોપી વિરુદ્ધ ગુનાને લગતો પૂરતો પુરાવો મળી આવતા પોક્સો અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ અને અદાલતમાં કેસ શરૂ થયેલ હતો ત્યાર બાદ આરોપીએ જામીન ઉપર છૂટવા જામીન અરજી કરતા સરકાર તરફે સરકારી વકીલ હાજર રહેલ અને જામીન અરજીનો વિરોધ કરતા રજૂઆત કરેલ કે આરોપી સામે સમાજ વિરોધી ગુનો છે આવા દુષ્કર્મના ગુનામાં આરોપીને જામીન આપવા જોઈએ નહીં જો જામીન આપવામાં આવશે તો આરોપી નાસી ભાગી જશે અને કેસ ચાલવામાં વિલંબ થશે તે રજૂઆતને ધ્યાને લઈ સેશન્સ જજ જે. ડી . સુથારે આરોપીની જામીન અરજી રદ કરેલ છે

આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયેલ હતા

# પીસ્ટલ સાથે મળી આવેલા આરોપીનો નિર્દોષ છુટકારો



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૨૫

દેસી બનાવટની પીસ્ટલ અને ૭ નંગ કારટીસ સાથે આરોપી મળી આવતા તે સબબ રાજકોટ ડી. સી. બી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધવામા આવેલ હતી અને જે સબબ પોલીસ દ્વારા આરોપીની ધરપકડ કરવામા આવેલ હતી અને ચાર્જશીટ કરવામા આવેલ હતુ અને આ કામની ટ્રાયલ ચાલી જતા આરોપીઓને નીર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ રાજકોટની કોર્ટ દ્વારા ફરમાવામા આવેલ હતો.

આ કેસની ફરીયાદમા જણાવ્યા મુજબની ટુકમા હકીકત એવી છે કે, ફરિયાદી પોલીસ સ્ટાફ સાથે રાજકોટ શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમિયાન સાગરનગર મેઈન રોડ નજીક આવતા ખાનગી રાહે બાતમી મળેલ હતી કે મનસુખ ઉર્ફે અરવિંદ વીરજીભાઈ ગોહેલ કે જે સાગરનગર મેઈન રોડ, રામદેવ વેલડીગ પાસે રહે છે જેની પાસે ગેરકાયદેસર હથિયાર છે તેવી સચોટ બાતમી મળતા તરત જ સાથેના પોલીસ સ્ટાફને જાણ કરી રેડ કરતા બાતમી મુજબની જગ્યા પહોંચતા બાતમીમાં જણાવ્યા મુજબનો ઈસમ મળી આવેલ હતો અને તેની ઝડતે કરતા તેના પેન્ટના નેફામાંથી એક લોખંડની દેશી બનાવટની પિસ્તોલ તેમજ સાત નંગ કાર્ટીસ મળી આવેલા હતા અને આ તમામ મુદ્દામાંલ આરોપી પાસેથી કબજે કરવામાં આવેલા હતો. અને જે મતલબની વિગતવાર ફરિયાદ રાજકોટ ડી.સી.બી પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવેલ હતી જે સબબ મનસુખ ઉર્ફે અરવિંદ વીરજીભાઈ ગોહેલની પોલીસ દ્વારા અટક કરવામાં આવેલ હતી અને તેઓ વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ કરેલ હતુ.

જરૂરી કાયદાકીય પ્રકિયાના ભાગ રૂપે હાલના કામે જરૂરી મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તપાસવામા આવેલ હતા અને આ કામે બચાવ પક્ષે આરોપી તરફેની જરૂરી રજુઆતો કરવામા આવેલ હતી તેમજ ફરીયાદ પક્ષનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો જોતા ફરીયાદી તથા સાહેદો ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોય તેમજ જાહેર જગ્યા ઉપરનો બનાવ હોવા છતાં કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદનો લેવામાં આવેલા નથી અને માત્ર પોલીસ સાહેદોના નીવેદનો લીધેલા છે તેવી રજૂઆતો કરવામાં આવેલા હતી તેમજ એવી કોઈ ચોક્કસ હકીકત રેકર્ડ ઉપર આવેલ ન હોય અને આરોપીઓ સામેની આક્ષેપીત હકીકત પુરવાર થતી ન હોય જેથી આરોપીઓને નીર્દોષ ઠરાવી છોડી મુકવા માંગણી કરેલ હતી.

ઉપરોક્ત્ તમામ હકીકતો તેમજ દલીલો ધ્યાને લઈ કોર્ટે આરોપીઓને નીર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ ફરમાવેલ છે.

આ કેસમા આરોપી વતી રાજકોટના એડવોકેટ રણજીતભાઈ એમ.પટગીર, સાહિસ્તાબેન એસ.ખોખર, પ્રહલાદસીંહ બી. ઝાલા તેમજ મીતેશ એચ. ચાનપુરા રોકાયેલ હતા.

# જીવલેણ હુમલાના ગુન્હામા તમામ આરોપી જામીન મુક્ત





(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૨૫

ફરીયાદી રોનક મગનભાઈ સરવૈયા પોતાના ઘર પાસે માતા, પિતા, ભાઈની હાજરીમાં ઘરે હતા ત્યારે શેરીમાં રાડારાડી થતા મારા પિતા બહાર ગયેલ જયા પાડોશી વચ્ચે ઝઘડો ચાલતો હોય જેથી મારા પિતાજીએ ગાળો ન બોલવાનું સમજાવતા આરોપી દિલીપભાઈ મારા પિતા સાથે ઝઘડો કરવા લાગેલ અને તેઓને એક કડાકો મારી દીધેલ જેથી અમો ફરીયાદી તથા મારો ભાઈ દિવ્યેશ એમ બન્ને આ દિલીપભાઈને મારા પિતાજીને ફડાકો ન મારવાનું કહેતા આ દિલીપભાઈએ અમો બન્ને ભાઈઓ સાથે ઝઘડો કરવા લાગેલ અને ઝપાઝપીમાં નીચે પડી ગયેલ અને રાડો પાડવા લાગતા થોડીવારમાં તેમના પુત્ર ચંદ્રેશ તથા શક્તિ અને બે અજાણ્યા ઈસમો આવી ગયેલ અને તેમાંથી ચંદ્રેશએ તેના નેફામાંથી છરી કાઢી આજે તો તને મારી નાખવો છે તેમ કહી મારા ભાઈ દિવ્યેશના જમણી સાઈડના પડખાના ભાગે છરી મારતા તેના આંતરડા બહાર આવી ગયેલા અને લોહી નીકળવા લાગેલ તેમજ ભવદીપ ઉર્ફે હાંડાએ તેની પાસે રહેલ છરી વડે મારા પિતાને ડાબા પડખે મારી દીધેલ તેમજ શક્તિ રાઠોડએ અમો ફરીયાદીને જમણા પિઠના ભાગે મારી દીધેલ જેથી ફરીયાદીને પુષ્કળ લોહી નીકળી ગયેલ અને આજુબાજુના પાડોશી આવી જતા આરોપીઓ ભાગી ગયેલા અને પાડોશીઓએ ૧૦૮ ને જાણ કરતા સીવીલ હોસ્પીટલમાં ગંભીર હાલતમાં અમોને સારવારમાં માટે લાવેલ જયા ફરીયાદીના ભાઈને આંતરડા બહાર નીકળી જતા ઓપરેશન કરવું પડેલ અને ફરીયાદીના શરીરે ગંભીર ઈજા પહોંચતા ફરીયાદીએ ઉપરોકત આરોપીઓ સામે ગાંધીગ્રામ-૨ (યુનિ.) પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવેલ હતી જેના અનુસંધાને ગાંધીગ્રામ-૨ (યુનિ.) પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારીઓ દ્વારા આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ અને આરોપીને કોર્ટ સમક્ષ રજુ કરતા આરોપીને જયુડીશ્યલ કસ્ટડીમાં મોકલવાનો હુકમ ફરમાવેલ હતો જેથી આરોપીએ જામીન ઉપર મુકત થવા માટે રાજકોટ સેશન્સ અદાલતમાં જામીન અરજી ગુજારેલ હતી જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષકારો વચ્ચે થયેલ દલીલો અને રજુઆત તેમજ મૈખિક તેમજ લેખીત પુરાવાને ધ્યાનમાં લઈ તેમજ બનાવ અને બનાવને અનુરૂપ થયેલ પોલીસ તપાસના કાગળો ધ્યાને લઈ અને અરજદાર તરફે એડવોકેટ દ્વારા કરવામાં આવેલી રજુઆતોને ધ્યાનમાં રાખી તેમજ આરોપીઓના બચાવમાં રજુ કરવામાં આવેલા ગુજરાત હાઈકોર્ટ તેમજ સુપ્રિમ કોર્ટના જુદા જુદા ચુકાદાઓને ધ્યાનમા લઈ સેશન્સ કોર્ટે ઉપરોકત આરોપીઓ(૧) દિલીપભાઈ વાલજીભાઈ પરમાર, (૨) ચંદ્રેશભાઈ દિલીપભાઈ પરમાર, (૩) શકિત ડાયાભાઈ રાઠોડ, (૪) ભવદીપ ઉર્ફે હાંડો પરેશભાઈ ડાભીને રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ ફરમાવેલ છે.

આ કેસમાં આરોપીઓ વતી એડવોકેટ જીજ્ઞેશ એમ. સભાડ, રણજીત બી. મકવાણા, રોકાયેલા હતા.

### ''ખેલો ઈન્ડિયા ડીસ્ટ્રીકટ શૂટિંગ સ્પોર્ટ્સ સેન્ટર''દ્વારા

# દેશનું સૌપ્રથમ શૂટિંગ સ્પોર્ટ્સ મેગેજીન પ્રકાશિત કરાયુ




(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

સુરત તા.૨૫

સ્પોર્ટ્સ ઑથોરિટી ઓફ ઈન્ડિયા અને સ્પોર્ટ્સ ઑથોરિટી ઓફ ગુજરાત દ્વારા માન્યતા પ્રાપ્ત ટાર્ગેટ રાઈફલ શૂટિંગ એકેડમી જેને ખેલો ઈન્ડિયા ડીસ્ટ્રીકટ શૂટિંગ સ્પોર્ટ્સ સેન્ટર તરીકેની માન્યતા પ્રાપ્ત થયેલ છે જેમના થકી ''ખેલો શૂટિંગ'' નામક દેશનું સૌપથમ શૂટિંગ સ્પોર્ટ્સ મેગેજીન પ્રકાશિત કરવામાં આવ્યું.આ મેગેજીન પ્રકાશિત કરવાનો મુખ્ય હેતુ રાજ્યમાં વસતા લોકોમાં શૂટિંગની રમત વિશે જાગૃતિ લાવવાનો છે.નાના બાળકોથી માંડીને મોટી ઉંમરના લોકો કેવી રીતે શૂટિંગની આ રમતમાં જોડાઈને પોતાની કારકિર્દી બનાવી શકે તેની સચોટ અને સંપૂર્ણ માહિતી આ મેગેજીનમાં દર્શાવવામાં આવી છે.તેમ જણાવ્યુ છે.

# છેલ્લાં પાંચ વર્ષમાં ડીજીટલ ફ્રોડના ૫.૪ લાખ કેસ નોંધાયા

## દેશમાં દરરોજ ૮૦૦ ઓનલાઇન નાણાંકીય છેતરપીંડી : ચોંકાવનારો રીપોર્ટ

મુંબઇ,તા.૨૫

ડીજીટલ યુગમાં નાણાંકીય સહિતના ક્ષેત્રોમાં ઓનલાઈન વ્યવહારો વધી રહ્યા છે. સાથોસાથ ડીજીટલ ફ્રોડમાં પણ ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. ભારતમાં દરરોજ સરેરાશ ૮૦૦ ડીજીટલ પેમેન્ટ ફ્રોડ થાય છે. રિઝર્વ બેન્કે જાહેર કરેલા આંકડા કરતાં આ સંખ્યા ૧૦ ગણી છે. રિઝર્વ બેન્કે માત્ર એક લાખથી વધુના ડીજીટલ ફ્રોડનો જ રીપોર્ટ જારી કર્યો છે.

રિઝર્વ બેન્કના રીપોર્ટમાં એમ જણાવવામાં આવ્યું છે કે, ગત નાણાંકીય વર્ષમાં રૂા.૧૪૫૭ કરોડની રકમનાં ૨૯૦૮૨ કાર્ડ-ડીજીટલ ફ્રોડનાં કેસ નોંધાયા હતા. પરંતુ એક લાખથી ઓછી રકમનાં કેસોને પણ ઉમેરવામાં આવે તો આ સંખ્યામાં વધુ ૨.૭ લાખ કેસનો ઉમેરો થાય છે.ફ્રોડમાં ગુમાવેલી રકમનો આંકડો પણ ૬૫૩ કરોડ વધે છે.

માહિતી અધિકાર કાયદા હેઠળ રિઝર્વ બેન્કે જારી કરેલી માહીતી પ્રમાણે છેલ્લા પાંચ વર્ષમાં ડીજીટલ ફ્રોડનાં ૫.૪ લાખ કેસ નોંધાયા છે. જે દરરોજના ૮૦૦ થવા જાય છે.

નેશનલ આયકર ક્રાઈમ રીપોર્ટનાં પોર્ટલમાં દાખલ થતાં કેસો ઉમેરવામાં આવે તો આ સંખ્યા હજુ વધી જાય છે. કારણ કે છેતરપીંડીના અનેક કિસ્સાઓને બેન્કીંગ ફ્રોડ તરીકે ગણવામાં આવતા નથી. સંબંધીત વ્યકિતએ સ્વેચ્છાએ થર્ડ પાર્ટીને નાણાં ટ્રાન્સફર કર્યા હોવાથી તે એક ફ્રોડ ગણાતો નથી.

ગત ફેબ્રુઆરીનાં ઈલેકટ્રોનિકસ એન્ડ આઈટી મંત્રાલય હેઠળની કમીટીએ કહ્યું હતું કે ગત વર્ષે સપ્ટેમ્બર ૨૦૨૩ સુધીમાં નેશનલ સાયબર ક્રાઈમ રીપોર્ટીંગ પોર્ટલ પર ૫૫૭૪ કરોડની રકમને સાંકળતા ડીજીટલ ફ્રોડનાં કેસ નોંધાયા હતા. ગત વર્ષે અન્ય એક આરટીઆઈ અરજીમાં એવી માહીતી આપવામાં આવી હતી કે જાન્યુઆરી ૨૦૨૨ થી મે ૨૦૨૩ દરમ્યાન પોર્ટલ પર ૨૧ લાખ ફરિયાદો થઈ હતી.

બેંકરોના કહેવા પ્રમાણે જુદા જુદા પ્રકારે બેન્કીંગ ફ્રોડ થતા હોય છે.કેટલાંક કિસ્સામાં સાયબર માફિયાઓ સીસ્ટમ હેક કરીને નાણાં ઉસેટી લે છે. કેટલાંક કિસ્સામાં વ્યકિતને લાલચ આપીને ઠગાઈ આચરે છે.અનેક કિસ્સાઓમાં બનાવટી સાઈટ કે બોગસ સ્કીમ મારફત છેતરપીંડી આચરે છે. વ્યકિતએ સ્વેચ્છાએ નાણાં ટ્રાન્સફર કર્યા હોય તેમાં બેન્કીંગ ફ્રોડ ગણાતો નથી.

પેમેન્ટ કંપની ઈપીએસ દ્વારા હાથ ધરાયેલા અભ્યાસ મુજબ છેલ્લા ત્રણ વર્ષમાં રીટેઈલ ડીજીટલ પેમેન્ટ વાર્ષિક ધોરણે મુલ્યની દ્રષ્ટિએ ૨૪ ટકા તથા વોલ્યુમનાં ધોરણે ૫૩ ટકાનો વધારો છે તેની સામે ડીજીટલ ફ્રોડ મુલ્યનાં ધોરણે ૧૦૯ ટકા તથા વોલ્યુમનાં ધોરણે ૫૯ ટકા વધી ગયા છે. સામાન્ય રીતે કાર્ડનો ઉપયોગ કરીને ડીજીટલ પેમેન્ટ થાય ત્યારે ગ્રાહકોની સુરક્ષાની જવાબદારી બેંકોની હોય છે. જયારે ઓનલાઈન ટ્રાન્સફરની સંપૂર્ણ જવાબદારી ગ્રાહકની બને છે. કારણ કે તેમાં બેંકો તો માત્ર થર્ડ પાર્ટી સુવિધા જ આપે છે.

અભ્યાસમાં એવો અંદાજ દર્શાવવામાં આવ્યો હતો કે ૨૦૨૩-૨૪ નાં નાણા વર્ષમાં દર એક લાખે રૂા.૩ ની ઠગાઈ થતી હતી. ૨૦૧૭ માં રિઝર્વ બેન્કે અનઅધિકૃત વ્યવહારોમાં ગ્રાહકોની જવાબદારી રહેતી ન હોવાનો નિર્ણય કર્યો છે. ગ્રાહક દ્વારા સાયબર માફીયાને કોઈ અંગત માહીતી આપવામાં આવી ન હોય છતા નાણાં ઉપડી જાય તેવા સંજોગોમાં ગ્રાહકની જવાબદારી રહેતી નથી પરંતુ ગ્રાહક ખુદ લોભ લાલચનો શિકાર બનીને સ્વેચ્છાએ નાણાં ટ્રાન્સફર કરે ત્યારે કોઈ સુરક્ષા કવચ મળતુ નથી.

ઈન્ડીયન બેન્ક એસોસીએશનનાં ચેરમેન એમ.વી.રાવે તાજેતરમાં એમ કહ્યું હતું કે મોટાભાગનાં ઓનલાઈન ફ્રોડ ગ્રાહકોના લોભ લાલચને કારણે જ થાય છે. બેન્કીંગ ક્ષેત્રની સીસ્ટમ ભેદીને ફ્રોડ થવાનું જવલ્લે જ હોય છે.

# આંગણવાડીઓમાં પ્રવેશોત્સવ બાળકોને અપાશે ગણવેશ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૫



મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ગુજરાત રાજયની ૫૩૦૦૦ થી વધુ આંગણવાડીઓના અંદાજીત ૧૫ લાખથી વધુ ૩ થી ૬ વર્ષના બાળકોના સર્વાંગી વિકાસ માટે ગુજરાત સરકાર સતત પ્રયત્નશીલ છે. બાળકોના શિક્ષણ અંગે ખાસ ૧૦૦ ટકા રાજ્ય સરકારના ફાળાથી યુનિફોર્મ તેમજ શૈક્ષણિક સાધન-સામગ્રી આંગણવાડીમાં ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

ગુજરાત રાજયના મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયા દ્વારા શાળા પ્રવેશોત્સવ વખતે જ બાળકને શાળાએ આવવું ગમે અને શાળાના પગથીએથી જ ભ્રાતૃભાવનાનો ગુણ વિકસે તેથી પ્રવેશ વખતે બાળકને ગણવેશ મળે તે બાબતે તત્પરતા દાખવી સમગ્ર રાજયમાં આંગણવાડીઓમાં ગણવેશ વિતરણ કરવા જણાવ્યું હતું. જે અન્વયે ૩ થી ૬ વર્ષના બાળકોના યુનિફોર્મ માટે રાજ્ય સરકાર દ્વારા રાજયના નવા અંદાજિત ૨.૫૦ લાખ બાળકોના પ્રવેશ સહિત અંદાજે ૧૫ લાખ ઉપરાંત બાળકોને શાળા પ્રવેશોત્સવ દરમ્યાન સમગ્ર રાજયની આંગણવાડીઓના બાળકોને રાજયના મંત્રીઓ, મહાનુભાવો તેમજ રાજયના અધિકારીઓ મારફત વિતરણ કરવામાં આવનાર છે.

મહિલા અને બાળ કલ્યાણ મંત્રી તા.૨૬ જુનથી ૨૮ સુધીના શાળા પ્રવેશોત્સવની નર્મદા જિલ્લામાં ઉજવણી કરવાના છે અને પ્રવેશોત્સવ દરમ્યાન નર્મદા જિલ્લાની આંગણવાડીના બાળકોને પ્રવેશની સાથે ગણવેશનું વિતરણ કરવામાં આવશે.

### રાજય અને દેશમાં પુલ પડવા કે પુલમાં ગાબડા પડવાની મૌસમ ખિલી

# બાબરામાંથી પસાર થતાં રાજકોટ-ભાવનગર હાઈવે ઉપર આવેલ પુલમાં મસમોટા ગાબડા પડયા





(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી,તા.૨૫

બાબરામાં રાજકોટ-ભાવનગર સ્ટેટ હાઈવે રોડ પર આવેલ બ્રિજ પર મોટા ખાડા પડી જતા નાના વાહન ચાલકો સ્લીપ થઈ પડી જતા અકસ્માત સર્જાય રહ્યા છે. ત્યારે કોઈ ગંભીર અકસ્માત સર્જાય તે પેહલા તંત્ર દ્વારા બ્રિજ પર પડેલા ખાડા બુરવામાં આવે તેવી વાહન ચાલકો દ્વારા માંગ કરવામાં આવી રહી છે.

અહીં રાજકોટ-ભાવનગર સ્ટેટ હાઈવે રોડપર માર્કેટિંગ યાર્ડ નજીક આવેલ બ્રિજમાં ખાડા પડી જતા અહીંથી પસાર થતા વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવાની ફરજ પડે છે તેમજ અકસ્માત સર્જાવાની ભીતિ પણ સતાવી રહી છે. અડધા ફૂટના ખાડા પડી જતા ચોમાસાનું પાણી ભરાય છે પસાર થતા વાહન ચાલકોને ખાડા નહિ દેખાતા અકસ્માત સર્જાય છે. ત્યારે કોઈ ગંભીર અકસ્માત સર્જાય તે પહેલા ત્રણ બ્રિજની મરામત કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# જીનિયસ ગ્રૂપના ચેરમેન ડી.વી.મહેતાના જન્મદિવસે 'સેવા દિન' ની ઉજવણી

### બાંધકામ સાઈટના મજદુરોના બાળકો માટે ઉમ્મીદ શિક્ષા રથની આઠમી બેચનો શુભારંભ થશે

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૫

રાજકોટના જાણીતા જીનિયસ ગ્રુપ ઓફ ઈન્સ્ટીટયુશન્સના ચેરમેન ડી. વી. મહેતાનો જન્મદિવસ છેલ્લા ૨૪ વર્ષોથી વિવિધ સામાજીક, સેવાકિય અને પર્યાવરણલક્ષી પ્રવૃતિઓ દ્વારા કરવામાં આવે છે. આ વર્ષે પણ ૨૬ જુન, બુધવારના રોજ યોજાનાર સેવા દિનમાં મહારક્તદાન કેમ્પ, જળ સંચય અભિયાન અંતર્ગત બોર રિચાર્જીંગ, ઉમ્મીદ શિક્ષા રથ, વૃક્ષારોપણ અને મનોદિવ્યાંગ બાળકોને ભેંટ આપી પ્રોત્સાહિત કરવા જેવી પંચામૃત પ્રવૃતિઓ કરવામાં આવશે. જેમાં જીનિયસ ગ્રુપની જીનિયસ સ્કૂલ, જય ઈન્ટરનેશનલ સ્કૂલ, રાજકોટ ઈન્ટરનેશનલ સ્કૂલ, ગાર્ડી વિદ્યાપીઠ અને ગ્લોબલ આયુર્વેદિક ઈન્સ્ટિટયૂટ પરિવારના સભ્યો, વિદ્યાર્થીઓ, વાલીઓ, રક્તદાતાઓ અને નામાંકિત મહાનુભાવો શામેલ થશે.

પાંચ જુદા જુદા સામાજિક, સેવાકીય અને પર્યાવરણલક્ષી કાર્યક્રમો દ્વારા કરવામાં આવતી ઉજવણીમાં તા. ૨૬ જુનના રોજ જીનિયસ સ્કૂલ અને જય ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ કલાક દરમિયાન મહારકતદાન શિબીરનું આયોજન કરવામાં આવેલ છે. આ રક્તદાન કેમ્પમાં વાલીઓ, સ્ટાફ મિત્રો, ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓ તેમજ અન્ય રક્તદાતાઓ બહોળી સંખ્યામાં રક્તદાન કરશે. વર્તમાન પરિસ્થિતિમાં જ્યારે બ્લડ બેન્કમાં રક્તની ખૂબ જ ગંભીર જરૂરિયાત અને અછત પ્રવર્તી રહી છે ત્યારે આ બંને સ્થળો ઉપર યોજાયેલ રક્તદાન શિબિરમાં એકત્ર કરાયેલું ૨૦૦ થી વધારે યુનિટ રકત બ્લડ બેન્કને આપવામાં આવશે. આ ઉપરાંત સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા શરૂ કરવામાં આવેલ એસ. એફ. એસ જળસંચય અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં લગભગ ૬૦ જેટલી શાળાઓમાં તેમજ ૧૦૦૦ જેટલા વાલીઓ બોર રિચાર્જ કરાવી ચૂક્યા છે. જ્યારે આ વિશેષ ઉજવણીના ભાગરુપે જીનિયસ ગ્રુપ સાથે જોડાયેલા ૨૦૦ થી વધારે વાલીઓ બોર રિચાર્જ કરવા માટે પોતાનો સંકલ્પ પત્ર રજૂ કરશે અને જેના આધારે તેમના મકાન, ફ્લેટ, કારખાના કે અન્ય સ્થળોએ બોર રિચાર્જ કરવામાં આવશે. તેમજ અન્ય વાલીઓને વરસાદી પાણીને સંગ્રહ કરવાના આ અભિયાનમાં જોડાવાની અપીલ કરશે.

આ સેવા દિનની ઉજવણીના આયોજનમાં સંસ્થાના ચેરમેન ડી. વી. મહેતા અને સીઈઓ ડીમ્પલબેન મહેતાના માર્ગદર્શનમાં દર્શન પરીખ, કાજલ શુક્લ, મનિંદરકૌર કેશપ, દ્રષ્ટિ ઓઝા, જોઈતા રે ચૌધરી, ભારતી સિંઘ, ભૂમિ ગઢવી, જયશ્રીબેન, મહિપાલસિંહ અને ઈશાન જાની ભારે જહેમત ઊઠાવી રહ્યા છે.

# વાળંદ સમાજ કર્મચારી મંડળ દ્વારા વાર્ષિક સાધારણ સભા યોજાઈ



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૫

વાળંદ સમાજ કર્મચારી મંડળ રાજકોટ દ્વારા વાળંદ સમાજની વાડી, લક્ષ્મીનગર, આનંદીબાપુ માર્ગ ખાતે તા.૨૨/૦૬ શનિવારના સાંજે ૦૬ કલાકે વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમમાં વાળંદ સમાજ કર્મચારી મંડળ રાજકોટના આશરે ૧૨૫ જેટલા સભ્યો હાજર રહેલ હતાં. જેમાં નિવૃત કર્મચારી વિદાય સમારંભ, નવા પોસ્ટીંગ થયેલ સરકારી કર્મચારીઓના સન્માન તેમજ સમાજના બાળકોને સરકારી તેમજ અન્ય કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે કર્મચારી મંડળ દ્વારા કલાસીસ તેમજ પરીક્ષાઓની તૈયારી કરવા માટે અને શિક્ષણને લગત જરૂર જણાયે કોઈપણ જરૂરી માહિતી પુરી પાડવા માટે સંકલ્પ કરેલ હતો. તેમજ વધુમાં વધુ લોકો કર્મચારી મંડળમાં જોડાઈ તેવો નિર્ણય કરવામાં આવેલ હતો. આ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ભોજન સમારંભનો કાર્યક્રમ પણ રાખેલ છે. જેમા બહોળી સંખ્યામાં કર્મચારીઓ હાજર રહેલા હતાં.

# અમરેલી જિલ્લા સહકારી સંઘમાં ચેરમેન મનીષ સંઘાણી, વા.ચેરમેન પદે બિન હરીફ ચૂંટાયા



(નટવરલાલ ભાતિયા દ્વારા)

અમરેલી,તા.૨૫

સતત ત્રણ ટર્મ વા.ચેરમન પદે બિન હરીફ સહકારી અગ્રણી હરજીભાઈ નારોલાને શુભેચ્છા પાઠવતા સ્થાનિક અગ્રણી કાર્યકરો અમરેલી જીલ્લા સહકારી સંઘ લી. અમરેલીના બોર્ડ ઓફ ડીરેક્ટર્સની ચુંટણી તાજેતરમાં જ યોજાઈ હતી. જેમાં સમગ્ર બોર્ડ બિનહરીફ ચુંટાઈ આવેલ હતું.લાઠી તાલુકાની સીટ ઉપર દામનગર સેવા સહકારી મંડળી લી.ના પ્રમુખ હરજીભાઈ નારોલા બિનહરીફ ચુંટાયા હતા. શ્રી નારોલા સન ૧૯૯૬ થી સતત અવિરત લાઠી તાલુકાના પ્રતિનિધી તરીકે ચુંટાતા આવ્યા છે.અમરેલી જિલ્લા સહકારી સંઘના ચેરમેન પદે મનીષ સંઘાણી વાઈસ ચેરમેન તરીકે હરજીભાઈ નારોલા બિનહરીફ વરણી પામ્યા અમરેલી જીલ્લા સહકારી સંઘ લી. ના વાઈસ ચેરમેન તરીકે હરજીભાઈ નારોલાની સતત ત્રીજી ટર્મ માટે વરણી થઈ છે.

# સમસ્ત મહાજનની ટીમ આચાર્ય બાલકૃષ્ણ મહારાજ(પતંજલિ યોગ વિદ્યાપીઠ)ને મળી



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૫

ભારત સરકારનાં એનિમલ વેલ્ફેર બોર્ડના સભ્યો સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી ડો.ગીરીશભાઈ શાહ અને મિતલ ખેતાણીના માર્ગદર્શન હેઠળ સમસ્ત મહાજનની ટીમ દ્વારા જીવદયા, ગૌ રક્ષાનાં કાર્યો માટે ઉત્તર પ્રદેશ, હિમાચલ અને ઉત્તરાખંડનો પ્રવાસ કરવામાં આવી રહ્યો છે. પ્રવાસ દરમિયાન વિવિધ રાજ્યોના નેતાઓ, મંત્રીઓ, સત્તાધારીઓને, જીવદયા પ્રેમીઓ, ગૌ સેવકોને, સંતોને મળીને જીવદયા, ગૌસેવા અંગેના વિવિધ પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી રહી છે. આચાર્ય બાલકૃષ્ણજી સાથે પંચગવ્ય ઉત્પાદનની આવશ્યકતા, ગાય સંવર્ધન, ગાય સંરક્ષણ, પશુ પાલકોને મળતી સબસિડી વગેરે વિષયો પર ચર્ચા થઈ. આચાર્યજીનું માર્ગદર્શન મળ્યું તેમણે સૌને આશીર્વાદ પાઠવ્યા અને આ સાથે તેમણે પતંજલિ યોગપીઠ વતી તમામ વિષયોના સંદર્ભમાં સરકારને પણ રજૂઆત કરવાની ખાતરી આપી.

સમસ્ત મહાજનની ટીમ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ગાય સેવા, જીવદયા, જીવરક્ષા, અભયદાન અને શાકાહારના પ્રચારને પ્રોત્સાહન આપવા માટે હંમેશા મદદરૂપ બનવાનો પ્રયત્ન કરશે.

# કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનિમલ હેલ્પલાઇનના ઉપક્રમે ઓનલાઈન નિઃશુલ્ક ટ્રેનિંગ સેમિનાર યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૫



કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનિમલ હેલ્પલાઇન રાજકોટનાં ઉપક્રમે રસ ધરાવતા લોકો માટે ઓનલાઇન AI, મશીન લર્નિંગ, ડેટા એન્જિનિયરિંગ અને કલાઉડ કોમ્પ્યુટિંગના નિષ્ણાત અને નિયામક ધવલ માંડલિયાના નિઃશુલ્ક ઓનલાઈન ટ્રેનિંગ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

નવા નવા ઉકેલો આપવાના ૨૦ વર્ષથી વધુ અનુભવ ધરાવતા ધવલ માંડલિયા ટેક્નોલોજી અને બિઝનેસના ઉદ્દેશો વચ્ચેના અંતરને દૂર કરવાની સાથે મહત્વાકાંક્ષી લક્ષ્યો હાંસલ કરવા માટે કર્મચારી ટીમને પ્રોત્સાહિત કરીને પ્રેરણા આપવાનું અદભૂત કૌશલ્ય ધરાવે છે .

ફાર્માસ્યુટિકલ્સ, લાઇફ સાયન્સ, બાયોટેક અને થેરાપ્યુટિક્સ, એગ્રી કોમોડિટીઝ, કેમિકલ્સ, હેલ્થકેર, રિટેલ, હેવી ઈન્ડસ્ટ્રીઝ અને સ્ટાર્ટઅપ્સ જેવી વિવિધ ઉદ્યોગોની કંપનીઓ સાથે કામ કરનાર ધવલ માંડલિયા જટિલ સમસ્યાઓ ઉકેલવા અને અસરકારક ઉકેલો પહોંચાડવા માટે ટેક્નોલોજીનો કેમ લાભ લઇ શકાય તેનું સચોટ અને સરળ માર્ગદર્શન આપ્યું હતુ, યુએસએમાં ફાઈઝર અને ડ્યુપોન્ટ જેવી કંપનીઓના મુખ્યમથક પર કામ કરતી વખતે તેમણે આ કુશળતા પ્રાપ્ત કરી છે. જહોન્સ હોપકિન્સ યુનિવર્સિટી દ્વારા ડેટા સાયન્સ પર અને સ્ટેનફોર્ડ ઓનલાઇન દ્વારા ડીપ લર્નિંગ અને મશીન લર્નિંગ પર પ્રમાણિત અને AI, ડેટા એન્જિનિયરિંગ અને કલાઉડ સોલ્યુશન્સ સાથે પ્રોડક્ટ્સને મૂલ્યવાન બનાવવા ધવલ માંડલિયાનું માર્ગદર્શન, માહિતી અને પ્રેરક વાતો સમગ્ર ટીમને ચેતનમય બનાવે છે.ત્યાર બાદ કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટના સ્ટાફ મિત્રોએ પોતાનો પ્રતિભાવ વ્યક્ત કરી ધવલ માંડલિયાનો આભાર વ્યકત કર્યો હતો.

# જસદણ શ્રીનાથજી હવેલી દ્વારા મહારાજા ફિલ્મના વિરોધમાં રેલી આવેદન યોજાયા

(ધર્મેશ કલ્યાણી દ્વારા)

જસદણ,તા.૨૫

મહારાજા ફિલ્મમાં વૈષ્ણવ હવેલી સંપ્રદાય વિરુદ્ધના સંવાદો અને સ્ટોરી અંગે શ્રીનાથજી હવેલી જસદણ દ્વારા વિશાળ બાઇક રેલી યોજીને ડેપ્યુટી કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

શ્રીનાથજી હવેલી ખાતે મોટી સંખ્યામાં વૈષ્ણવો એકત્રિત થઈને ઠાકોરજીના દર્શન કરીને મહારાજા ફિલ્મના પ્રતિબંધની માગણીના બેનરો સાથેની વિશાળ બાઈક રેલી કાઢીને છત્રી બજાર, જુના બસ સ્ટેન્ડ, શરમાળીયા રોડ, કમળાપુર રોડ થઈને તાલુકા સેવા સદન ખાતે પહોંચી હતી ત્યાં ડેપ્યુટી કલેકટર ગ્રીષ્મા રાઠવાને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.




આવેદનપત્રમાં મહારાજા ફિલ્મમાં વૈષ્ણવ સંપ્રદાય વિરોધીની સ્ટોરી અંગે વૈષ્ણવ સંપ્રદાયની લાગણી દુભાણી હોવાની તથા ફિલ્મ ઉપર પ્રતિબંધ મૂકવાની માંગણી કરવામાં આવી હતી. આ રેલી તથા આવેદના કાર્યક્રમમાં જસદણ હવેલીના ટ્રસ્ટી ભરતભાઈ ધારૈયા, ટ્રસ્ટી અશોકભાઈ મહેતા, ઉપપ્રમુખ કમલેશભાઈ ચોલેરા, મંત્રી ધર્મેશભાઈ કલ્યાણી, સહમંત્રી સાગરભાઈ દોશી, ખજાનચી ચંદુભાઈ વડોદરિયા તથા વૈષ્ણવો હેમલભાઈ બાબરીયા, પિયુષભાઈ રાઠોડ, દિલીપભાઈ કલ્યાણી, વિશાલભાઈ ધારૈયા, ભુરાભાઈ તન્ના, ગોપાલભાઈ ભાડલીયા, હિતેશભાઈ ધ્રાફાણી, રાજેશભાઈ શેઠ, તુષારભાઈ છાંટબાર, રાજુભાઈ ગાંધી, રવિભાઈ જીવાણી, તેજસભાઈ વડોદરિયા, ધવલભાઈ ગાંધી, ધવલભાઈ જીવાણી, લાલુભાઇ દિવાન, સચિનભાઈ થડેશ્વર, અમરીશભાઈ ધ્રાફાણી, સંજયભાઈ સખીયા, મેહુલભાઈ અંબાણી, ધર્મેશભાઈ પરીખ, પંકજભાઈ ધારૈયા, જગદીશભાઈ ભાડલીયા, સૌરભભાઈ બાબરીયા, નિલેશભાઈ દિવાન, ભરતભાઈ ભાડલીયા, ગીતેશભાઈ અંબાણી સહિતના વૈષ્ણવો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# રૈયાધાર ઝુંપડપટ્ટી ધરાશાય કરવામાં અધિકારીઓ - પદાધિકારીઓની શું ભુમિકા હતી?

## તટસ્થ તપાસ થાય તો પી.પી.પી યોજનાનું મસમોટું કૌભાંડ બહાર આવી શકે

## ઝુંપડપટ્ટી મહાપરિષદ દ્વારા મ્યુનિસિપલ કમિશનરને પત્ર પાઠવી શહેરી વિકાસ મંત્રી, મુખ્યમંત્રી, ચીફ જસ્ટિસ (ગુજરાત હાઈકોર્ટ)ને નકલો આપી

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૫

ઝુંપડપટ્ટી મહાપરિષદ દ્વારા મ્યુનિસિપલ કમિશનરને એક પત્ર પાઠવી અને તેની નકલો શહેરી વિકાસ મંત્રી ગુજરાત રાજય, ચીફ જસ્ટીસ ગુજરાત હાઈકોર્ટને આપી.

રાજકોટ ગેમ ઝોનના અગ્નીકાંડ બાદ સરકાર સફાળી જાગી અને અધિકારીઓની સંપતિ અંગે તપાસના દોર ચાલુ થઈ ગયા છે, ત્યારે રોજ-બરોજ છાપાના અહેવાલો જાણ્યા પછી એવુ લાગી રહયુ છે કે, જે દિશામાં તપાસ થવી જોઈએ તે દિશા તરફ તપાસ અધિકારીની નજર હજુ પડી હોય તેમ લાગતુ નથી. કારણ અઢળક, બેસુમાર સંપતિ અધિકારીઓએ બનાવી છે તેનો મૂળ સ્ત્રોત પી.પી.પી. યોજના છે, તેનો મોટો પુરાવો હોયતો રૈયાધાર પી.પી.પી. યોજના છે. જે યોજના ફકત ને ફકત પ્લાન મુજબ પૈસા બનાવવા માટે જ જાણે બનાવવામાં આવી હોય તેવુ ફલીત થાય છે. કારણ પી.પી.પી. યોજનાના તમામ નિયમો નેવે મુકીને આયોજનને અમલમાં મુકવામાં આવી હતી. પી.પી.પી. યોજનાની જાહેરાત બાદ બિલ્ડરો જે પહેલેથી નકકી થયા મુજબના બિલ્ડરો બોલાવી તેમને કહેવામાં આવતુ હતુ કે તમો સર્વે કરી જણાવો કે આ જમીન ચોખ્ખી હોયતો બજાર કિંમત કેટલી ? ગણાય બિલ્ડરે ૧૨૫ થી ૧૫૦ કરોડની બજાર કિંમત ગણાવી હતી આવી લગડી જેવી જમીન બિલ્ડરને રૂા.૨૧ થી ૨૨ કરોડમાં આપવા માટે કરાર કરવામાં આવ્યા હતા, જયારે ખાનગીમાં બિલ્ડરે ૧૫૦ કરોડના ૫૦% એટલે ૭૫ કરોડ બિલ્ડરે ચુકવવાના હતા. આ સમયે મીડિયા એ વખતના કમિશ્નર વિજય નહેરા સાહેબને સવાલ કર્યા હતા કે આટલી ઓછી કિંમતે રૈયાધારની જમીન બિલ્ડર ને કેમ આપી ? ત્યારે કમિશ્નરએ જવાબ આપેલ આખી જમીન ઉપર ઝુપડપટ્ટી છે, અને તે ખાલી કરાવવાની જવાબદારી બિલ્ડરની છે. બિલ્ડરનું ટેન્ડર પાસ થઈ જાય તેને ઝુપડપટ્ટીમાં રહેતા લોકો પાસે આ યોજનામાં સામેલ થવામાં મકાન ખાલી કરી આપવાના સોગંદનામા કરવા ફરજીયાત હોય અને લોકો વર્ષોથી આ ઝુપડપટ્ટીમાં રહેતા હોય તેને મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પોતાના ફોટા સાથે અરજી અસંખ્ય લોકોએ કરેલ અને કહેલ અમારે આ પી.પી.પી. યોજનામાં જોડાવુ નથી. અને મ્યુ. કોર્પો. વર્ષો પહેલા જનરલ બોર્ડમાં ઠરાવ કરી રાજકોટ શહેરની તમામ ઝુપડપટ્ટીને રૂા.૧/-ના ભાવે જમીન વેંચાતી આપી રેગ્યુલાઈઝ કરી આપવાનો જનરલ બોર્ડ ઠરાવ કરેલ તેનો આધાર આપી પી.પી.પી. યોજનામાં નહિ જોડાવા માટે અરજીઓ ઈન્વર્ડ કરાવેલ એ સમયે રાજકોટ શહેર ઝુપડપટ્ટી મહાપરિષદ દ્વારા પી.પી.પી. યોજનાનો સખત વિરોધ કરી એક વર્ષ સુધી આંદોલન ચલાવવામાં આવેલ, આના કારણે લોકોમાં જાગૃતિ આવેલ અને લોકોએ બિલ્ડરની તરફેણમાં સોગંદનામા કરી આપેલ ન હતા, આ સોગંદનામા બિલ્ડરે ૯૦ દિવસમાં કરી મ્યુ.કોપો.ને સોંપવા જોઈએ ત્યારે જ આ પી.પી.પી. યોજનાને મ્યુ.કોર્પો. કે સરકાર તરફથી કાયદેસરની મંજુરની મહોર લગાવવામાં આવતી હોય છે. લોકોનો સખત પી.પી.પી. યોજના વિરોધ બીજી તરફ આંદોલન બિલ્ડર આ ઝુપડપટ્ટી ખાલી કરાવી શકે તેવી કોઈ ગુંજાઈસ ન રહેતા અધિકારીઓને મળવા પાત્ર મલાઈની રકમ હાથમાંથી સરકતી લાગી અને ત્યાંથી રાજકારણી અને અધિકારીઓ જુગલબંધી બંધાણી અને બિલ્ડરને ભીંસમાં લઈ જણાવેલ (ખાનગીમાં) કે તમને આ જમીન ૫૦% ભાવે મળેલ છે જો તમો ને ખાલી જમીન અમો અપાવી દઈએ તો ૨૫% રકમ વધારે આપો એટલે કે ૭૫ કરોડ માંથી ૩૭.૫ કરોડની રકમ આપી ખાલી અમો કરાવી આપશું.

આમ રૈયાધારનો યોજનામાં તે વખતના મ્યુનિસિપલ કમિશ્નર વિજય નહેરા સર્વોપરી હતા અને તેમની નીચે અને તેમની દેખરેખ અને સુચના મુજબ કાર્ય કરતા તે વખતના સ્પે.સીટી એન્જી. અલ્પા મીત્રા જે યોજના સીધી તેમની દેખરેખ હેઠળ આવતી હતી. આ બધાએ સરકારમાં બેઠેલા તેમના આકા દ્વારા જે ઓપરેશન રૈયાધાર પાર પાડયુ જે પી.પી.પી. યોજના તમામ કાયદા કાનુનને નેવે મુકી કોના કહેવાથી જે યોજનાની ફાઈલમાં લોકોના સહમતી પત્રો નથી, યોજના આગળ ધપાવી શકાયજ નહિ તેમ છતા રૈયાધાર ઝુપડપટ્ટી ને ધારાશય કરવામાં કયા-કયા રાજકીય આકાઓ હતા અને કેટલા ગાંધીનગર અને મ્યુ.કોર્પો.ના અધિકારીઓ, પદાધીકારીઓની શું ભુમીકા હતી તેની તટસ્થ અને ન્યાયી તપાસ અને કોઈની સેહ શરમ વગર તપાસ થાયતો સાગઠીયા જેવાતો મોટા માછલા સમાન છે. મોટો મગર મચ્છ જેતે સમયના કમિશ્નર, સીટી એન્જીનયર અને તેમના ગાંધીનગર બેઠેલા આકા સુધી જો તપાસનો રેલો જાય તો પી.પી.પી. યોજનાનું મસ મોટુ આર્થીક કૌંભાડ બહાર આવે તેમ છે. અને અત્યાર સુધીની રાજકોટ શહેરની પી.પી.પી. યોજના અને ગુજરાત ભરની પી.પી.પી. યોજના કોઈની શેહ-શરમ વગર ન્યાયી તપાસ થાયતો અબજો રૂપિયાની મ્યુ.કોર્પો.ની તીજોરીમાં જમા થવા પાત્ર રકમ અધિકારી અને રાજકીટ સાંઠ-ગાંઠના હિસાબે સરકાર અને લોકોની આંખોમાં ધૂળ નાખી આ મ્યુ.કોર્પો. ની તેજુરીમાં આવતી આવડી મોટી રકમની ધોળે દિવસે ઉઘાડી લુટ સમાન ગણાય.

આ આખી યોજનાને અંજામ આપવામાં તે વખતના મ્યુ.કમિશ્નરની અહમ ભુમિકા હોય તેવુ રૈયાધારની પી.પી.પી. યોજનાની ફાઈલ ઉપરથી ફલીત થાય છે. સાગઠીયાના ખંભા ઉપર બંધુક રાખી યોજનાને અંજામ આપવામાં આવ્યો છે, કારણ રૈયાધાર પી.પી.પી. યોજનાના કમિશ્નરએ પોતાના પાવર ટાઉન પ્લાનીંગ અધિકારી સાગઠીયા ને આપી દીધા હતા આ યોજનામાં નિયમો નો ઉલાડીયો કરવામાં આવ્યો હોવા છતા મ્યુ.કોર્પો. કે સરકાર મૌન ધારણ કરી લીધેલ. આર.ટી.આઈ. કાયદા હેઠળ રૈયાધારની ઓરીજીનલ ફાઈલ નું રેકોર્ડ તપાસવા અંગે અરજી કરેલ અને નિયમ મુજબ ફાઈલનું રેકોર્ડ તપાસવા માટે આપેલ ત્યારે ખબર પડી કે જે દિવસે રૈયાધારનું ડીમોલેશન ચાલતુ હતુ તેજ તારીખ ના સ્ટેમ્પ પેપર ઉપર અરજદારની સહી લેવામાં આવતી હતી, આ બાબત ને લઈને ઝુપડપટ્ટી મહાપરિષદ આવા સોગંદનામા કરતા નો અટકાવે તે માટે તમામ આગેવાનોની ધરપકડ કરી પોલીસ હીરાસતમાં રાખવામાં આવેલ.

રેકર્ડ તપાસ્યા પછી અમોએ આખી ફાઈલની પ્રમાણીત નકલ માંગેલ પરંતુ તે સોગંદનામા સીવાયના બધા પેપર આપવામાં આવેલ અને સોગંદનામા અંગે અલગ પત્ર આપી જણાવેલ કે સોગંદનામા ગાંધીનગર ગયા છે. ત્યાંથી આવ્યાબાદ આપશુ. ત્યાર-બાદ અનેક વખત રૂબરૂ ગયેલ પરંતુ એકજ જવાબ હતો, ગાંધનીગર થી આવ્યા નથી.

આમ આ યોજનાને પૈસા બનાવવાના સાધનરૂપે ઉપયોગ કરી તમામ નિયમોને નેવે મુકી ગરીબ અને લાચાર લોકોને પોતાના મકાનોના કબ્જા છોડાવવી સરકારી તંત્રનો બેસુમાર ઉપયોગ કરી અને ઝુપડપટ્ટીના ગરીબ લોકોને તેમજ તે વખતના આંદોલન કારોને ડરાવવાના હેતુરૂપે સૂટ અને સાઈડના હુકમ મેળવાય ગયા હતા એવા અહેવાલો પણ પ્રસિધ્ધ થયા હતા. આ ઉપરોકત પી.પી.પી. યોજનાની તટસ્થ તપાસ થાય એવી માંગણી ઝુપડપટ્ટી મહાપરિષદના પ્રમુખ દાનુભા સોઢા, રાજુભાઈ ઝુંઝા, ઘનશ્યામભાઈ પટેલ, રમેશ ડોલેરા, ભૂપતસિંહ ઝાલા વગેરેએ કરી હતી.

# રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ

## રાજકોટ જિલ્લામાં ૧૬,૫૫૦ જેટલા બાળકો પ્રવેશ મેળવશે



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૫

ભારતીય સંસ્કૃતિમાં ૧૬ સંસ્કાર એ માનવ જીવનના મહત્વના સંસ્કાર છે. જેમાંનો એક મહત્વનો સંસ્કાર એટલે બાળકનું શિક્ષણ મેળવવું. પ્રાચીન ગુરુકુળ પદ્ધતિ અનુસાર બાળક વિદ્યા કે શિક્ષણ મેળવવા માટે ઘર છોડીને ગુરૂના નિવાસ સ્થાને અથવા ગુરુકુળ સંકુલમાં રહીને અભ્યાસ કરવા જતો. આ પદ્ધતિને અનુસરીને ઘર છોડ્યા વિના જ ઘરની નજીકની શાળામાં બાળકને એડમિશન મળી રહે અને ડ્રોપ આઉટ રેશિયો નહિંવત રહે, તેવા શુભાશય સાથે રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ બાળકો માટે શાળા પ્રવેશાત્સવ શરૂ કરાવ્યો હતો.

સમગ્ર રાજ્યમાં પાયાનું શિક્ષણ વધુ સુદૃઢ બને, શિક્ષણમાં ગુણાત્મક સુધારો લાવી શિક્ષિત ભાવિ પેઢીનું નિર્માણ કરી શકાય તેવા શુભ આશય સાથે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી કાળના વર્ષ-૨૦૦૩થી શરૂ કરેલા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીના યજ્ઞની ફલશ્રુતિ સ્વરૂપે આંગણવાડી, બાલવાટિકા અને પ્રાથમિક શાળામાં ધોરણ-૧ માં શાળા પ્રવેશોત્સવ-૨૦૨૪ની ઉજવણી તા. ૨૬, ૨૭, અને ૨૮ જુનના રોજ થવાની છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ બાળકનો વિદ્યારંભ એ તેના જીવનનો યાદગાર ઉત્સવ બને તે વિચાર સાથે શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. આજે પ્રવેશોત્સવ બાળકના ભવિષ્યના સર્વાંગી વિકાસમા શાળાના અમૂલ્ય પ્રદાનના ઝાંખી બન્યું છે. ૨૦ વર્ષે કન્યા કેળવણીના યજ્ઞનું ગુજરાતને ઉત્કૃષ્ટ પરિણામ મળ્યુ છે. આજે રાજ્ય કક્ષાએ સરેરાશ ૯૯% અને રાજકોટ જિલ્લામાં સરેરાશ ૧૦૦% કન્યાઓનું નામાંકન થાય છે. આજે ગુજરાતમાં તમામ ક્ષેત્રમાં દીકરીઓ નામના મેળવી રહી છે તે કન્યા કેળવણી મહોત્સવનું જ પરિણામ છે, તેમ કહેવામાં કોઈ જ અતિશયોક્તિ નથી.

રાજકોટ જિલ્લા પંચાયત સંચાલિત સરકારી પ્રાથમિક શાળાઓ સાથે માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓની સંખ્યા ૮૫૦ પ્રાથમિક શાળાઓ છે. જેતપુર અને ઉપલેટા નગર શિક્ષણ સમિતિ સંચાલીત ૨૧ પ્રાથમિક શાળાઓ છે. જેમાં ગ્રામીણ વિસ્તારના વિદ્યાર્થીઓ પોતાના જ વિસ્તારમાં પ્રાથમિક શિક્ષણ મેળવીને તેજસ્વી શૈક્ષણિક કારકિર્દીનો પાયો મજબુત બનાવી રહ્યા છે.

પ્રવેશોત્સવના કારણે શાળાપ્રવેશ માટે બાળકોની સાથે વાલીઓ તેમજ નાગરિકોનો પણ ઉત્સાહ વધ્યો છે. ચાલુ વર્ષ ૨૦૨૪માં બાલવાટીકામાં કૂલ ૧૨૯૫૯ પ્રવેશપાત્ર બાળકો નોંધાયા છે. જેમાં ૬૬૬૮ જેટલા બાળકો અને ૬૨૯૧ જેટલી બાળકીઓનો સમાવેશ કરાયો છે. ચાલુ વર્ષ ૨૦૨૪માં રાજકોટ જિલ્લામાં ધોરણ-૧ માટે કૂલ ૩૫૯૧ પ્રવેશપાત્ર બાળકો નોંધાયા છે. જેમાં ૧૮૨૧ જેટલા બાળકો અને ૧૭૭૦ જેટલી બાળકીઓનો સમાવેશ કરાયો છે. ધોરણ-૧માં સૌથી વધારે ૨૩૫૯ એડમિશન રાજકોટ તાલુકામાં થનાર છે. જેમાં બાળકોની સંખ્યા માત્ર ૧૧૬૧ જેટલી છે જયારે બાળકીઓની સંખ્યા ૧૧૯૮ જેટલી છે. બાળકો કરતા બાળકીઓને સંખ્યા ૩૭ જેટલી વધારે છે, જે કન્યા કેળવણીનું જ્વલંત ઉદાહરણ છે.

# ડો. વલ્લભ કથીરિયાનું ૧૩૩ મી વખત બ્લડ ડોનેટ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૫

તાજેતરમાં ઈન્ડિયન મેડિકલ એશોસીએશન રાજકોટ અને પી.ડી.યુ. મેડીકલ કોલેજ રાજકોટ દ્વારા વિશ્વ રક્તદાતા દિવસ નિમિતે પી.ડી.યુ. મેડીકલ કોલેજ ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બ્લડ ડોનેશન કેમ્પમાં સેવા, તબીબ, રાજકીય ક્ષેત્રે નામના ધરાવનાર પૂર્વ કેન્દ્રીય મંત્રી ડો. વલ્લભભાઈ કથીરિયાએ ૧૩૩ મી વખત બ્લડ ડોનેટ કરી યુવાનો, બાળકો અને સર્વ સમાજ માટે ઉદાહરણ રૂપ બન્યા છે. આ પ્રસંગે ડો. વલ્લભભાઈ કથીરિયા સાથે તેમના પુત્ર ડો.આત્મન કથીરિયાએ ૨૦ મી વખત અને તેમના પુત્રવધુ ડો. ઘટના કથીરિયાએ પણ પ્રથમ વખત બ્લડ ડોનેટ કરી કથીરિયા પરિવારે સામુદાયિક સેવા પ્રત્યેના તેમના સમર્પણમાં નોંધપાત્ર સીમાચિહ્નરૂપ ઉજવણી કરી હતી.

કથીરિયા પરિવારએ સમાજ માટે સેવાનું અનુકરણીય ધોરણ સ્થાપિત કર્યું છે. ડો. વલ્લભભાઈ કથીરિયાના પત્નિ કાંતાબેન કથીરિયા પણ વર્ષોથી બ્લડ ડોનેટ કરી રહ્યા છે. તેઓ અત્યાર સુધીમાં ૫૦ થી પણ વધુ વખત રક્તદાન કરી ચૂક્યા છે.

# રાજકોટ શ્રી બાલાજી હનુમાનજી મહારાજને મુખવાસનો દિવ્ય શણગાર કરાયો



(દર્શન મકવાણા દ્વારા)

રાજકોટ : રાજકોટ શ્રી બાલાજી હનુમાનજી મંદિર ખાતે આજના મંગળવારના પવિત્ર દિવસે મહાપ્રતાપી શ્રી બાલાજી હનુમાનજી દાદાને મુખવાસનો અદભુત અલૌકિક અને દિવ્ય શણગાર કરાયો છે, આ અદ્દભુત શણગાર આકર્ષણનું કેન્દ્ર બન્યા છે , જેના દર્શન કરી ભક્તોએ ધન્યતા અનુભવી છે ,જેમાં વરિયાળી , ધાણાદાળ ,તલ ,એલચી વગેરેનો સમાવેશ કરાયો છે , આ સાથે બાલાજી દાદાને ધ્વજારોહણ કરાયું હતું , આજે સાંજે ૭.૧૫ કલાકે રાજોપચાર પદ્ધતિથી થતી દાદાની સંધ્યા આરતીમાં હજારો ભક્તો દાદાના દર્શન આરતીનો દિવ્ય લાભ લેશે

# અનુસંધાન પહેલા પાનાનું

## દિલ્હીમાં અગ્નિકાંડઃ ઈન્વર્ટરમાં આગ લાગતા ચારના મોત

ઉપરના માળે સૂતો આખો પરિવાર મૃત્યુ પામ્યો. મૃતકોની ઓળખ હીરા સિંહ (૪૮), તેની પત્ની નીતુ સિંહ, પુત્રો રોબિન સિંહ (૨૨) અને લક્ષ્ય (૨૧) તરીકે થઈ છે. દિલ્હી ફાયર સર્વિસ તરફથી મળેલી માહિતી અનુસાર આગ પ્રેમ નગરના ઝેડ બ્લોકમાંથી લાગી હતી. ફાયર બ્રિગેડની બે ગાડીઓ ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી. ફાયર ફાઈટરોએ ઘરમાં ફસાયેલા લોકોને બચાવીને હોસ્પિટલ લઈ ગયા. પરંતુ ત્યાં ચારેય લોકોને મૃત જાહેર કરાયા હતા.

# અનુસંધાન છેલ્લા પાનાનું

## રાજયનાં ૧૦૨ તાલુકામાં વધુ ૦.૫ થી ૪.૫ ઈંચ વરસાદ

દ્વારકા તાલુકામાં ૩૯ મી.મી. સાથે મોસમનો કુલ સરેરાશ વરસાદ ૧૭.૨૭ ટકા નોંધાયો છે.

જયારે ગોહિલવાડ પંથકમાં છૂટાછવાયા ઝાપટા થી લઈ અડધા થી એક ઈંચ વરસાદ પડ્યો છે. જિલ્લાના વલભીપુરમાં એક ઈંચ જેટલો વરસાદ પડ્યો છે .જ્યારે ઉમરાળા અને સિહોરમાં અડધા ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. જ્યારે જિલ્લાના અન્ય તાલુકામાં હળવા ઝાપટા વરસી ગયા છે આજે સવારે ૬ વાગે પૂરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન ભાવનગર જિલ્લાના વલભીપુરમાં ૨૩મી.મી. ઉમરાળામાં ૧૬ મી.મી. ભાવનગર શહેરમાં ૬ મી.મી. ઘોઘામાં ૧૦ મી.મી.શિહોરમાં ૧૨ મી.મી.ગારીયાધાર માં ૬મી.મી. પાલીતાણા ૫મી.મી. તળાજા ૬ મી.મી.મહુવા ૦ અને જેસરમાં ૨ મી.મી.વરસાદ નોંધાયો છે.જામનગર માં માત્ર એક ઈંચ વરસાદ નોંધાયા પછી વરસાદે વિરામ લીધો હતો.જામનગર શહેરમાં આજે મહતમ તાપમાનનો પારો ૩૩ડિગ્રી નોંધાયો હતો.ત્યારે લઘુતમ તાપમાન ૨૯ ડિગ્રી રહ્યું હતું.જ્યારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૯૫ ટકા છે.તો પવનની ગતિ પ્રતિકલાક ૭.૭ કિમિ નોંધાઇ છે. છેલ્લા ૨૪ કલાકમાં વરસાદી વાતાવરણના લીધે મહતમ તાપમાનમાં પાંચ ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો.

# કોંગ્રેસ દ્વારા દેશ પર લદાયેલા કટોકટીની ઘટના ભારતીય રાજનીતિના ઈતિહાસની કાળી ટીલી સમાન ગણાય છે : ઉદય કાનગડ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૫

વિધાનસભા-૬૮, રાજકોટ(પૂર્વ)ના ધારાસભ્ય ઉદય કાનગડએ તા.૨૫ જૂન કટોકટી દિવસ અંતર્ગત કટોકટી કાળને યાદ કરતા જણાવેલ કે તા.૨૫ જૂન ૧૯૭૫ના રોજ કોંગ્રેસ દ્વારા દેશભરમાં કટોકટી લાદી લોકશાહીના મુલ્યોને ખતમ કરવામાં આવ્યા, અખબારી પર સેન્સરશીપ લાદવામાં આવી અને દેશભરમાંથી અનેક કાર્યકર્તાઓને કટોકટી હેઠળ જેલમાં ધકેલવામાં આવ્યા હતા.

દેશભરમાં લાગેલી કટોકટી કાળથી આજની પેઢીને અવગત કરતા ઉદય કાનગડએ જણાવેલ કે કટોકટી કાળમાં નાગરિકોના મૌલિક અધિકારો છીનવાઈ ગયા તો બીજી તરફ રાત્રેથી જ વિપક્ષી નેતાઓની ધરપકડ શરૂ થઈ. જયપ્રકાશ નારાયણ, અટલબિહારી બાજપાઈ, લાલકૃષ્ણ અડવાણી, જયોર્જ ફર્નાન્ડિઝ સહિતના અનેક નેતાઓને જેલમાં નાંખી દેવામાં આવ્યા. શાળા-કોલેજ જતા વિદ્યાર્થીઓને પણ છોડવામાં આવ્યા ન હતા.સ્વતંત્ર ભારતના વિવાદાસ્પદ કાયદા પૈકીના એક મીસા કાયદાનો આ દરમિયાન ઘણો દુરપયોગ કરવામાં આવ્યો. કોંગ્રેસવિરોધીઓ, અને સામાજિક કાર્યકર્તાઓને જેલમાં નાંખી દેવામાં આવતા અને દિવસો સુધી એફ.આઈ.આર. કે કાયદાકીય કાર્યવાહી કર્યા વગર બેસાડી રાખવામાં આવતા દેશના જેટલા મોટા વિપક્ષી નેતાઓ હતા એ તમામ જેલમાં હતા. કેદીઓ પર અમાનુષી, બર્બરતાપૂર્ણ, અમાનવીય અત્યાચાર કરવામાં આવ્યા.

કટોકટી દરમિયાન જ પ્રેસ સેન્સરશિપ લાગુ કરવામાં આવી.તે રાત્રે જ ઘણાંખરાં અખબારો ઓફિસની વીજળી કાપી દેવામાં આવી હતી, જેના કારણે છાપાં છપાયા જ હતાં. ત્યારબાદ તેઓ સરકાર વિરૂધ્ધ કશું લખી શકતા નહી અને દરેક અખબારની ઓફિસમાં સરકારના અધિકારીઓ મૂકવામાં આવતા, જેઓ મંજૂરી આપે ત્યારબાદ જ સમાચાર પ્રકાશિત થઈ શકતા. જો કોઈ સરકાર વિરૂધ્ધ લખવાની ગુસ્તાખી કરે તો તેણે કાર્યવાહીનો સામનો કરવો પડતો હતો. કોઈપણ માધ્યમથી સરકાર પર કટાક્ષ થઈ શકતો નહી. ત્યારે આ જ સમય દરમિયાન બંધારણમાં પ્રાપ્ત કટોકટીની શક્તિઓનો છડેચોક દુરૂપયોગ કરવામાં આવ્યો. કટોકટી લાગુ કર્યા પછી કોંગ્રેસને અહેસાસ થયો હતો કે સંઘમાં કોંગ્રેસના અન્યાય સામે આંગળી ઉઠાવવાનું બળ અને ક્ષમતા છે એટલે કોંગ્રેસ સરકારે કાયરતાપૂર્ણ પગલું ભરીને સંઘ પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લીધો હતો. આ તમામ પ્રવૃતિઓ ચાલી રહી હતી ત્યારે સંઘના એક પ્રચારકે દેશમાં લોકશાહી વ્યવસ્થા સ્થાપિત કરવા માટે રાતદિવસ એક કરવાનો નિર્ણય લીધો હતો અને આ માટે પોતાના જીવને જોખમમાં મૂકવાની પણ તૈયારી દાખવી હતી. તે કોઈ બીજા નહી પણ દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી હતા. સંઘના અન્ય પ્રચારકોની જેમ નરેન્દ્રભાઈને પણ આંદોલનો, સંમેલનો, બેઠકો, સાહિત્યનું વિતરણ વગેરે વ્યવસ્થા માટે જવાબદારી સુપરત કરવામાં આવી હતી. જયારે પોલીસને સંઘની પ્રવૃતિઓ વિરૂધ્ધ કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવી હતી ત્યારે નરેન્દ્રભાઈએ ભૂગર્ભ પ્રવૃતિઓનું આયોજન કર્યું હતું. આ સમયે ગુપ્ત બેઠકો મણિનગરમાં યોજવામાં આવી હતી અને નરેન્દ્રભાઈએ આ કામને બહુ સરસ રીતે કર્યું હતું.નરેન્દ્રભાઈ મોદીએ પ્રચારકો માટે નાણાકીય સહાયની વ્યવસ્થા કરવાની સાથે અન્ય દેશોમાં રહેતા ભારતીયો સુધી કટોકટીના અત્યાચારોની સાચી અને ખરી માહિતી પહોંચે તેવી સુનિશ્ચિતતા પણ કરી હતી. આમ કટોકટીના દિવસોમાં નરેન્દ્રભાઈ સહિત સંઘના પ્રચારકોએ ઈન્દિરા ગાંધીની સરકારના અત્યાચારો વિરૂધ્ધ ઘણાં આંદોલનોમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરી હતી.

કટોકટી કાળના ૨૧ મહિનામાં દેશ અનેક રીતે પાછળ જતો રહયો. સુરક્ષાબળો અને બ્યુરોકેસી નિરંકુશ થઈ ચૂકયા હતા. દેશને આર્થિક મોરચે પણ ઘણું નુકસાન થયું હતું. લોકઆક્રોશ પણ સતત વધતો જતો હતો અને ૧૯૭૭માં માર્ચમાં લોકસભા ચૂંટણીમાં લોકઆક્રોશના પરિણામસ્વરૂપે ઈન્દિરા ગાંધીને હારનો સામનો કરવો પડ્યો અને ૨૧મી માર્ચ, ૧૯૭૭ના રોજ આખરે કટોકટી સમાપ્ત થઈ.

આમ દુનિયાના સૌથી મોટા લોકશાહી દેશ ભારત કે જયા લોકો દ્વારા અને લોકો માટે શાસન ચલાવવામાં આવે છે. આવા લોકતાંત્રિક દેશમાં પણ જનતાએ ચૂંટેલી સરકારો નિરંકુશ થઈને બંધારણને બાજુ પર મૂકી દઈને નિર્ણયો લેવા માંડે ત્યારે દેશની કેવી અધોગતિ થાય એ સમગ્ર દેશે કટોકટી કાળમાં જોયું હતું. આજે કટોકટીને ૫૦ વર્ષ પૂર્ણ થવા આવ્યા છે ત્યારે લોકશાહી પર આ કાળી ટીલી સમાન કલંકિત ઘટના વર્ણવતા ધારાસભ્ય ઉદય કાનગડએ અંતમાં જણાવેલ હતું.

### મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા લેવાયેલ

# ખાદ્યપદાર્થના ૨ નમૂના ફેઈલઃ રૂા.૬.૫૦ લાખનો દંડ

**પનીર (લુઝ) નો નમુનામાં વનસ્પતિ ફેટ અને તીલ ઓઈલની હાજરીઃ રૂા.૫ લાખનો દંડઃ મીઠી ચટણીમાં સીન્થેટીક ફૂડ કલરની હાજરીઃ રૂા.૧.૫૦ લાખનો દંડ**




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૨૫

ચોમાસાની શરૂ થતી ઋતુમાં પાણીજન્ય રોગચાળો ફેલાઈ નહી તે માટે થઈ ને આગોતરા પાગલના ભાગરૂપે નાયબ કમિશ્નર સ્વપિનલ ખરેની સૂચના તથા માર્ગદર્શન હેઠળ ફૂડ વિભાગ દ્વારા ખાણીપીણીની લારી, હોટેલ, રેસ્ટોરેન્ટ વગેરેમાં વિશેષ ચકાસણી ઝૂબેશ હાથ ધરવામાં આવેલ છે. જે અન્વયે ફૂડ વિભાગની ટીમ તથા FSW વાન સાથે સર્વેલન્સ ચેકિંગ દરમિયાન શહેરના એ.જી. ચોક હોકર્સ ઝોન કાલાવડ રોડ વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૮ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. દિલખુશ પાણીપુરી -બટેટા, ઢોકળાની ખીરું મળીને કુલ- ૦૭ કિ.ગ્રા., બાલા ચાઈનીઝ પંજાબી-આજીનો મોટો - ૦૭ કિ.ગ્રા, જયશ્રી રામ ચાઈનીઝ પંજાબી - બાંધેલો લોટ, ગાર્લિક પેસ્ટ મળીને કુલ- ૦૪ કિ.ગ્રા, હર હર મહાદેવ ચાઈનીઝ - ગ્રેવી તથા નુડલ્સ મળીને કુલ- ૦૬ કિ.ગ્રા, માહિર મદ્રાસ કાફે -બટેટાનો મસાલો - ૦૫ કિ.ગ્રા, માહિર ચાઈનીઝ પંજાબી - ગ્રેવી તથા આજીનો મોટો મળીને કુલ- ૦૫ કિ.ગ્રા, પીઠડ ચાઈનીઝ પંજાબી - વાસી પનીર - ૦૨ કિ.ગ્રા, યશ ફાસ્ટફૂડ -મીઠી ચટણી - ૦૨ કિ.ગ્રા, શ્રીનાથજી ભેળ પાણીપૂરી - બાફેલા બટેટા- ૦૩કિ.ગ્રા, ભોલા ફાસ્ટફૂડ - વાસી પિઝા - ૦૨ કિ.ગ્રા નાશ કરવામાં આવેલ.

તથા પટેલ ચાઈનીઝ પંજાબી જય બાલાજી કરછી દાબેલી બજરંગ ઘૂઘરા ભેરુનાથ કસાટા આઇસ્ક્રીમ જિલ્લાની વડાપાઉં ક્રિષ્ના પાઉંભાજી જલારામ કોલ્ડ્રિંક્સ શુભમ સેન્ડવીચ ગાયત્રી મદ્રાસ કાફે કિશનભાઈ બટેટાવાળા શન્નીભાઈ બટેટાવાળા દેવ ફાસ્ટફૂડ દેવ મદ્રાસ કાફે ચાઈનીઝ એક્સપ્રેસ ક્રિષ્ના ચાઈનીઝ પંજાબી એન જોય પોઈન્ટ ઉસ્તાદ લાઈવ કાઠિયાવાડીની ચકાસણી કરવામાં આવેલ.

મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા લેવામાં આવેલ ખધ્યપદાર્થના ૨ નમૂના ફેઈલ (સબસ્ટાન્ડર્ડ) જાહેર થતાં નામદાર એજ્યુડિકેટિંગ ઓફિસર અને નિવાસી અધિક કલેટર સમક્ષ કેસ ચાલી જતાં કુલ રૂ.૬,૫૦,૦૦૦ (અંકે રૂપિયા છ લાખ પચાસ હજાર) દંડના હુકમ કરવામાં આવેલ છે.

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા રામનાથપરા, આર.કે.પ્રોવિઝનની સામે, રાજકોટ મુકામેથી પનીર (લુઝ) નો નમુનો પુથ્થકરણ રિપોર્ટમાં ફોરેન ફેટ (વનસ્પતિ ફેટ) અને તીલ ઓઇલની હાજરી મળી આવતા નમૂનો ''સબસ્ટાન્ડર્ડ'' જાહેર થયેલ. જે અંગેના કેસમાં એજ્યુડીકેટીંગ ઓફિસર અને નિવાસી અધિક કલેક્ટર રાજકોટ દ્વારા નમુનો આપનાર પેઢીના માલિક ઈમ્તિયાઝભાઈ જુમાભાઇ કાણિયાને રૂ.૫,૦૦,૦૦૦ (અંકે રૂપિયા પાંચ લાખ) નો દંડનો હુકમ કરવામાં આવેલ છે.

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા હાથીખાના શેરી નં.૩, રામનાથ કૃપા, રાજકોટ મુકામેથી મીઠી ચટણી (પ્રિપર્ડ-લુઝ) નો નમુનો પુથ્થકરણ રિપોર્ટમાં સીન્થેટીક ફૂડ કલરની હાજરી મળી આવતા નમૂનો ''સબસ્ટાન્ડર્ડ'' જાહેર થયેલ. જે અંગેના કેસમાં નામદાર એજ્યુડીકેટીંગ ઓફિસર અને નિવાસી અધિક કલેક્ટર રાજકોટ દ્વારા નમુનો આપનાર પેઢીના માલિક ઈશ્વરભાઇ લાલજીભાઇ કાકુને રૂ.૧,૫૦,૦૦૦ (અંકે રૂપિયા એક લાખ પચાસ હજાર) નો દંડનો હુકમ કરવામાં આવેલ છે.

# કોઠારિયામાં ગરીબોને દબાણ હટાવવા સમય આપો




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૨૫

રાજકોટના કોઠારીયા ગામમાં અમુક દબાણો હટાવવા તંત્રએ નોટીસો ફટકારી છે પણ વર્તમાન ચોમાસા દરમિયાન ગરીબો હેરાન પરેશાન થાય તે પહેલા દબાણ હટાવવા સમય આપવામાં આવે તેવી શહેર મહીલા કોંગ્રેસ દ્વારા માંગણી કરાઇ છે.

આ બાબતે મહીલા કોંગ્રેસના પ્રમુખ દિપ્તીબેન સોલંકી સહીતના આગેવાનો અને અરજદાર ગરીબોએ જિલ્લા કલેકટરને લેખીત રજુઆત કરી જણાવ્યું છે કે તાલુકાના કોઠારીયા ગામના સ.ન.૩૫૨ પૈકીમાં ગ્રામ્ય વિસ્તારમાંથી રોજીરોટી અને ઘરના પરિવારના ભારણ પોષણમાં સઆવી ખરાબામાં કાચા મકાનો બનાવી રહેતા લોકોના કાચા મકાનો પાડવા સંદર્ભવાળા પત્રથી નોટીસ આજથી દિન ૧૦માં મકાનો પડી કબજો ખાલી કરી આપવા જણાવેલ છે.

કોઠારીયાના સ.નં.૩૫૨ પૈઍકીમાં જો જીલ્લા નિરીક્ષક જમીન દફતર અને સીટી સર્વે કચેરી રાજકોટ દ્વારા આખા સર્વે નં.૩૫૨ની માપણી કરવામાં આવે અને તેમાં જે કોઇ દબાણો વગદાર અને પૈસાદાર લોકો દ્વારા કરવામાં આવેલ છે તે લોકોને નોટીસ આપી અને તે દબાણો દુર સારી પછી જ અમોને દબાણ ખાલી કરવાનું કહેવામાં આવે તો અમો સ્વેચ્છાએ ખાલી કરી આપીશું.

કોંગ્રેસનો આક્ષેપ છે કે, કેટલાય વોડ એવા છે કે જયાં સરકારી જમીનો ઉપર હજારો મકાનો ઉભા છે તે તંત્રના ધ્યાનમાં કેમ નથી આવ્યા કે આ મકાનો ભ્રષ્ટાચાર કરીને ઉભા કરાવી દેવામાં આવ્યા છે. તંત્રના કયા અધિકારીઓ વખતે આ બાંધકામો થયા છે તે તમામ ઉપર આપ સાહેબ દ્વારા ફરીયાદો દાખલ કરાવી તમામને જેલમાં પુરવામાં આવે તેવી કાર્યવાહી કરવા માંગ કરાઇ છે. ગરીબોએ કહ્યું કે તેઓ આર્થિક પછાત વર્ગના છીએ સરકારને કાયદાકીય જોગવાઇઓ મુજબ અમોને ઘરવિહોણા લોકોને સો વાર જગ્યા મફતમાં આપી ભારતીય બંધારણની જોગવાઇ મુજબ રોટી-કપડા- મકાનના હકો આપવામાં આવે તે જરૂરી છે.

# ડોલર સામે રૂપિયો સતત તુટી રહ્યો છે : પરેશ વાઘાણી

**વિદેશોમાં વિદ્યાર્થીઓને ભણવાનું મોંઘુ થશે**

**સોના,ચાંદી અને ક્રૂડના ભાવોને અસર થશે**



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૨૫

આજકાલ ડોલર સામે રૂપિયાનું સતત ધોવાણ થઈ રહ્યું છે. રૂપિયો ડોલર સામે નવા નવા લો બનાવી રહ્યો છે. એક તબક્કે ૮૩.૬૫ના ભાવે ડોલર સામે રૂપિયામાં ટ્રેડિંગ થયું છે. જેને લઈને મોંઘવારી વધશે. ક્રૂડના આયાતમાં પણ મોટો ફરક પડશે.વિદેશથી આયાત થતી દરેક વસ્તુ મોંઘી થશે. જે વિદ્યાર્થીઓ વિદેશ ભણવા જઈ રહ્યા છે,તેઓને પણ ભણતરનો ખર્ચ વધશે. વિદેશ ફરવા જનારાઓને પણ મોંઘું પડશે. ક્રૂડના ભાવમાં વધારો થશે એટલે કે ક્રૂડ નું આયાત બિલ જો વધશે તો અંતે તો મોંઘવારી વધશે. જુલાઈ ૨૦૨૩ ની વાત કરીએ તો ડોલરનો ભાવ ૮૧ રૂપિયા ૨૫ પૈસા આસપાસ હતો જે આજે ૮૩ રૂપિયા ૫૦ પૈસાની ઉપર ટ્રેડ કરી રહ્યો છે એટલે કે રૂપિયો ડોલર સામે એક વર્ષમાં ત્રણ ટકા તૂટ્યો છે. આયાતી વસ્તુના ભાવ વધ્યા તે ઉપરાંત એક્સચેન્જનો વધારો અલગ .આમ રૂપિયો જે રીતે ડોલર સામે તૂટી રહ્યો છે તે ચિંતાનો વિષય છે.

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા અનેક પગલાઓ રૂપિયાને તુટતા અટકાવવા માટે આવ્યા છે. પરંતુ વિદેશી નાણાકીય સંસ્થાઓની શેરબજારમાં સતત વેચવાલી પણ ડોલર વધવાનું અને રૂપિયો તૂટવાનું એક કારણ છે. બીજી બાજુ ભારતીય બોન્ડ્સમાં રોકાણ આવવાથી વિદેશી હૂંડિયામણમાં વધારો થાય છે પરંતુ હજુ સુધી ડોલર સામે રૂપિયાને પૂરતું રક્ષણ મળતું નથી.

શેરબજારના નિષ્ણાત પરેશભાઈ વાઘાણીના જણાવ્યાનુસાર વિદેશી નાણાકીય સંસ્થાઓની ભારતીય શેરબજારમાં સતત વેચવાલી રૂપિયો ઘટવાનું અને ડોલર મજબૂત થવાનું એક મુખ્ય કારણ છે

કેલેન્ડર વર્ષ ૨૦૨૪ માં જ વિદેશી નાણાકીય સંસ્થાઓ ૧,૨૨,૦૦૦ કરોડથી વધુની રકમના શેરોનુ ભારતીય શેરબજારમાં વેચાણ કર્યું છે. ઉપરાંત ક્રૂડના આયાતનું બિલ દિવસે દિવસે વધતું જાય છે. નિકાસની સામે આયાતો વધતા રૂપિયો તુટી રહ્યો છે.આગામી ચોમાસુ જો દેશમાં સારું જાય અને કૃષી ઉત્પાદનની નિકાસ વધે તો ફાયદો થાય. કૃષિ ઉત્પાદન ઉપરાંત અન્ય નિકાસ ને જો વેગ મળે તો ડોલરના ભાવ કાબુમાં રહી શકે છે.

હાલમા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના સતત પ્રયત્નશીલ છે અને ડોલરને કાબુમાં રાખવા સતત ડોલરનું વેચાણ કરી ડોલરને વધુ મજબુત થતો અટકાવવા કોશિશ કરી રહી છે.

# ચોમાસામાં રસ્તા પરના ખોદકામ બંધ રખાશેઃ જયમીન ઠાકર



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૨૫

મહાનગરપાલિકાના જુદા-જુદા વિસ્તારોમાં હાલ ડી.આઇ. પાઇપલાઇન નાંખવાની કામગીરી તથા ડ્રેનેજ લાઇન નાંખવાની કામગીરી ઉપરાંત પેચવર્કની કામગીરી કરવામાં આવી રહી છે. જુદા-જુદા વિસ્તારોમાંથી આવેલ લોકફરીયાદો મુજબ ચાલુ વરસાદમાં રાહદારીઓને પસાર થવામાં અગવડતા પડી રહી છે, તેમજ રસ્તા પર પાઇપલાઇન નાંખવા માટે કરવામાં આવેલ ખોદકામથી રાહદારીઓને જોખમ ઉપસ્થિત ન થાય તે માટે અગમચેતીના પગલાં બાબતે ચર્ચા માટે મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીનભાઇ ઠાકરના અધ્યક્ષસ્થાને મહાનગર પાલિકાના ત્રણેય ઝોનના સીટી એન્જીનીયરઓ સાથે બેઠક યોજવામાં આવેલ. જેમાં વર્ષાઋતુને અનુલક્ષીને રસ્તા પરથી પસાર થતા રાહદારીઓને જોખમ ઉભુ ન થાય અને કોઇપણ જાનહાની નિવારી શકાય તે માટે હાલ ડી.આઇ. પાઇપલાઇન તથા ડ્રેનેજ લાઇન નાંખવા માટે ખોદકામ તાત્કાલિક અસરથી બંધ કરવા જયમીનભાઇ ઠાકર દ્વારા સુચના પાયેલ હતી. વિશેષમાં, ચાલુ વરસાદમાં વાતવરણમાં રહેલ ભેજના કારણે ડામરનું બોન્ડીંગ કપચી સાથે યોગ્ય રીતે થઇ શકે તેમ ન હોઇ તેમજ હાલ ડામર કામ-પેચવર્ક બંધ રાખવા તેમજ ઓછામાં ઓછા આઠથી દસ દિવસ વરસાદ બંધ રહે ત્યારબાદ પેચવર્કના કામ શરૂ કરવા સૂચના આપવામાં આવેલ. આ બેઠકમાં ત્રણેય ઝોનના સીટી એન્જીનીયરઓ પરેશ અઢીયા, અતુલ રાવલ તથા કુંતેષ મહેતા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## રાજકોટ ડિસ્ટ્રીકટ ફૂટબોલ ટીમનું સિલેકશન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ,તા.૨૫ઃ પાટણ ખાતે તા.૧-૭ થી U-17 બહેનોની ઈન્ટર ડિસ્ટ્રીકટ ફુટબોલ ટુર્નામેન્ટ માટે રાજકોટ ડિસ્ટ્રીકટ ફુટબોલ ટીમનું સિલેકશન તા.૨૬-૬ બુધવારના રોજ બપોરના ૩ કલાકે રેસકોર્સ ફુટબોલ ગ્રાઉન્ડ ખાતે રાખવામાં આવેલ છે. આ ટુર્નામેન્ટ માટે તા.૧-૧-૨૦૦૮ થી તા.૩૧-૧૨-૨૦૧૦ વચ્ચે જન્મેલા ખેલાડીઓ જ ભાગ લઈ શકશે. ખેલાડીઓએ પોતાની કીટ સાથે ફુટબોલ ગ્રાઉન્ડ ઉપર રોહિત બુંદેલા, મનીન્દર કેશપ અને આશિષ ગુરૂંગનો સંપર્ક કરવો.

## નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૨૫

સાંઈનાથ હોમિયોપેથીક હોસ્પીટલ તથા સી.જે.ગ્રુપ રાજકોટ દ્વારા નિઃશુલ્ક સર્વરોગ નિદાન મેડિકલ સેન્ટરનો શુભ આરંભ કરાવતા સ્કૂલના પ્રિન્સીપાલ ભાવનાબેનને ડોક્ટરોની ટીમ સેન્ટરમાં રાજકોટ હોમીયોપેથીક મેડિકલ કોલેજ, પારૂલ યુનિવર્સિટી સંચાલિત સાંઈનાથ હોમીયોપેથીક હોસ્પિટલના ડો. હિતાર્થ મહેતા, ડો.નિરવ ગણાત્રા તેમજ દાંતના નિષ્ણાંત ડો. નિતાબેન ટાંક, ફીઝીયોથેરાપી વૈશાલીબેન મકવાણા, લેબોરેટરી ચેકઅપ દયાબેન હિરપરાએ સેવા આપી હઠીલા રોગોનું નિદાન કરી ફ્રી દવાઓ આપવામાં આવેલ. ઉપરોક્ત મેડિકલ સેન્ટરનો જાહેર જનતાએ ને વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં લાભ લીધેલ. તેમ સી.જે.ગ્રુપ રાજકોટ દ્વારા જણાવવામાં આવે છે.

ખાસ નોંધઃ દર બુધવારે સ્કૂલ ખાતે સવારે ૯ થી ૧૨ વાગ્યા સુધી, સ્થળઃ મોડેલ સ્કૂલ, હનુમાન મઢી, રૈયારોડ, ભગવતી હોલ વાળી શેરી, પૂર્વમુખી હનુમાન ચોક, રાજકોટ, મેડિકલ સેન્ટર ચાલુ રહેશે.

# ઓલપાડ તાલુકાની કમરોલી પ્રાથમિક શાળામાં શૈક્ષણિક કીટનું વિતરણ




**(વિજય પટેલ દ્વારા)**

ઓલપાડ,તા.૨૫ઃ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, સુરત સંચાલિત ઓલપાડ તાલુકાની કમરોલી પ્રાથમિક શાળામાં કિરીટભાઈ ડાહ્યાભાઇ પટેલ તરફથી તમામ બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાળામાં યોજાયેલ એક નાનકડા કાર્યક્રમમાં કિરીટભાઈ પટેલ તરફથી મળેલ બાળોપયોગી દફતર, નોટબુક, બોલપેન, પેન્સિલ, રબર, ફૂટપટ્ટી જેવી વસ્તુઓની કીટ શાળાનાં તમામ બાળકોને વિતરીત કરવામાં આવી હતી. આ તકે બાળકોમાં આનંદની લહેર પ્રસરી જવા પામી હતી. આ પ્રસંગે કિરીટભાઈએ સૌ બાળકોને શૈક્ષણિક પ્રગતિ માટે આશીર્વચન પાઠવ્યા હતાં. શાળાનાં આચાર્યા જ્યોતિબેન પટેલે કિરીટભાઈની સખાવતને બિરદાવી તેમનો આભાર વ્યક્ત કર્યો હતો. એમ પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક યાદીમાં જણાવે છે.

**વાચકોએ નોંધ લેવી**


કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી

**રાજકોટ મનપા દ્વારા માર્ગદર્શિકા જાહેર**

# કોલેરા અંગે માર્ગદર્શિકા જાહેર

**કોલેરાના લક્ષણ દેખાય તો પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સરકારી હોસ્પિટલ અને ઈમર્જન્સી માટે ૧૦૮નો સંપર્ક કરવા અનુરોધ**





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૨૫

વરસાદી વાતાવરણમાં પાણી જન્ય રોગચાળો વકરતો હોવાથી અને ગઇકાલે ઉપલેટા વિસ્તારમાં કોલેરાના કેસ આવતા મહાનગરપાલિકાએ કોલેરામાં લોકોએ શું કરવું? તેમજ શું ન કરવું? અને કોલેરા માટે થતી સારવાર તેમજ કોલેરા અંગેની તમામ માહિતી આપવા માર્ગદર્શીકા જાહેર કરી છે.

**કોલેરા શું છે ?**

કોલેરા બેક્ટેરિયાથી થતી બીમારી છે. તે વિબ્રિયો કોલેરી જીવાણુના કારણે થાય છે, જે દૂષિત પાણીના કારણે ફેલાય છે. કોલેરા એક ચેપી રોગ છે જેમાં દર્દીને ઉલ્ટી અને ઝાડા થાય છે. પાણી અને પોષણના અભાવે ડિહાઈડ્રેશનની સમસ્યા પણ થઇ શકે છે. ત્યાં સુધી કે યોગ્ય સારવાર ન મળે તો દર્દીનું મોત પણ થઇ શકે છે. કોલેરા બેક્ટેરિયા મુખ્યત્વે ખરાબ ખોરાક અને ગંદા પાણીને કારણે ફેલાય છે. આવી સ્થિતિમાં, તમારે ખાસ કરીને ખોરાક અને પીવાના પાણીને સ્વચ્છ રાખવા પર વિશેષ ધ્યાન આપવું જોઈએ.

**કોલેરા કેવી રીતે ફેલાય છે ?**

કોલેરા એક બેક્ટેરિયાને કારણે થાય છે જે આપણા ખોરાક અથવા પાણી દ્વારા આપણા શરીરમાં પહોંચે છે. તે મળ, પેશાબ અને ગંદકી દ્વારા ફેલાય છે, કોલેરા સીફૂડ અને માછલી દ્વારા પણ ફેલાય છે. શાકભાજી અને સલાડને બરાબર ન ધોવામાં આવે અથવા ગંદા પાણીથી ધોવામાં આવે તો કોલેરાનો ખતરો રહે છે., જે વિસ્તારોમાં સ્વચ્છતાનો અભાવ છે ત્યાં કોલેરા ફેલાવાનું જોખમ વધારે છે. જો તમે ચેપગ્રસ્ત વ્યક્તિના મળ (ઝાડા)ના સંપર્કમાં આવો. જો તમે મળથી દૂષિત (બેક્ટેરિયમવિબ્રિઓ કોલેરા) ખોરાક ખાઓ અથવા પાણી પીવો., જો તમે કાચી અથવા ઓછી રાંધેલી શેલફિશ ખાઓ., કોલેરા એક વ્યક્તિથી બીજી વ્યક્તિમાં ફેલાતો નથી પરંતુ ચેપગ્રસ્ત વ્યક્તિના મળ સાથે સંપર્કમાં આવવાથી ફેલાય છે.

**કોલેરાના લક્ષણો શું છે ?**

કોલેરાના લક્ષણો જુદા જુદા લોકોમાં જુદા જુદા સમયે ઉદભવે છે. કેટલાક લોકોમાં, તેના લક્ષણો ચેપના થોડા કલાકો પછી જ જોવા મળે છે, જ્યારે કેટલાક લોકોમાં તે ૨-૩ દિવસ પછી પણ થઈ શકે છે. કોલેરા સામાન્ય રીતે ઝાડાનું કારણ બને છે. ઝાડા ઉપરાંત તેના અન્ય લક્ષણો મુજબ ઉલટી થવી તેમજ હૃદયના ધબકારા વધી જવા, મો, ગળું તેમજ આંખો શુષ્ક થઇ જવી, બ્લડ પ્રેશર ઘટી જવું, તરસ વધારે લાગવી, હાથ પગના સ્નાયુઓમાં દુખાવો થવો, ગભરામણ થવું, ઊંઘ આવવી તેમજ વધુ પડતો થાક લાગવો, જો ઉપરોક્ત લક્ષણો દેખાય તો તરત જ નજીકના શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે સરકારી હોસ્પિટલ ખાતે જઈ, તબીબી સલાહ લેવી. ઈમરજન્સીમાં ૧૦૮નો સંપર્ક કરવો.

**કોલેરાને અટકાવવાના ઉપાયો ક્યાં ક્યાં છે ?**

આપની આસપાસ સ્વચ્છતાનું ધ્યાન રાખવું જોઈએ. જે લોકોને કોલેરા થયો તે લોકોએ ખાવા-પીવાની આદતમાં ફેરફાર કરીને તો કેટલાક ઘરગથ્થુ ઉપચારથી થઈ શકે છે. જેમ કે કાકડીના પાન, નારિયેળ પાણી, લીંબુ, છાશ, આદુ, ફુદીનાનો રસ, હળદર, મેથીના દાણા વગેરેનું સેવન ફાયદાકારક બની શકે છે. જો તમે કોલેરાથી અસરગ્રસ્ત જગ્યાએ રહેતા હોવ અથવા આવી જગ્યાએ મુસાફરી કરી રહ્યા હોવ, તો આ બાબતોનું પાલન કરોઃ ખાદ્ય ચીજોને સ્પર્શતા પહેલાં અને શૌચાલયનો ઉપયોગ કર્યા પછી સાબુ અને પાણીથી હાથ ધોવા.

માત્ર ઉકાળેલું, શુદ્ધ કરેલું અથવા બોટલનું પાણી પીવો., શક્ય હોય ત્યાં સુધી શેરી પરના ફેરિયાઓ પાસેથી ખાદ્ય ચીજો લેવાનું ટાળો., જેમાંથી રસ ટપકતો હોય તેવા ફળ જેમ કે દ્રાક્ષ અને બેરી લેવાનું ટાળો., સુશી અને શેલફિશ જેવા કાચા અથવા ઓછા રાંધેલા સીફૂડ લેવાનું ટાળો.

# ઉપલેટામાં ચાર બાળકોના મોત બાદ શહેર કોંગ્રેસ પ્રમુખ દ્વારા તંત્ર પર ગંભીર આક્ષેપ

## અધિકારીઓ કલેકટરના જાહેરનામાનો અમલ ન કરતા હોય અને માનતા ન હોય તેવું લાગી રહ્યું છેઃ શહેર કોંગ્રેસ પ્રમુખ





(આશિષ લાલકિયા દ્વારા)

ઉપલેટા,તા.૨૫

ઉપલેટા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં આવેલા કારખાનાઓની અંદર કામ કરતા મજૂરોના બાળકોની થોડા દિવસ પહેલા તબિયત બગડી હતી જેમાં આ બાળકોની અંદર ચાર બાળકોના મોત થયા હોવાની ખબર સામે આવી છે જેને લઈને જિલ્લાનું તંત્ર દોડધામ કરતું જોવા મળ્યું હતું જેમાં આ ઘટનામાં ચાર જેટલા બાળકોના મોત થતા જિલ્લાની ટીમો દ્વારા ઉપલેટામાં ધામા નાખવામાં આવ્યા હતા ત્યારે જિલ્લા કલેકટર દ્વારા આ બનાવ બાદ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે ત્યારે તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કે કામગીરી ન કરવામાં આવી રહી હોય અને બેદરકારી ભર્યું કામ કરવામાં આવતું હોય તેવું ઉપલેટા શહેર કોંગ્રેસ પ્રમુખ કૃષ્ણકાંત ચોટાઈ દ્વારા આક્ષેપ લગાવવામાં આવ્યા છે.

આ અંગે ઉપલેટા શહેર કોંગ્રેસ પ્રમુખ કૃષ્ણકાંત ચોટાઈ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, ઉપલેટા ઉપલેટામાં થોડા દિવસ પૂર્વે ગણોદ અને મેરવદર પર નદી વચ્ચે આવેલા કારખાનાઓમાં પાણીજન્ય રોગના કારણે ચાર જેટલા બાળકોના મોત થયા હોવાનું સામે આવ્યું છે. આ બનાવને અઠવાડિયા જેટલો સમય થયો છે ત્યારે ત્રણ દિવસ બાદ તંત્રને આ અંગે ખબર પડી છે ત્યારે આ તંત્રની પણ એવી બલિહારી છે કે જે જગ્યા ઉપર આ બનાવ બન્યો છે કે ઉપલેટામાં એક પણ અધિકારી એટલે કે મામલતદાર, નગરપાલિકા કે પોલીસ કે આરોગ્ય વિભાગના ચારમાંથી એક પણ ઓફિસના અધિકારીને આ બનાવની જાણ થઈ નથી અને જ્યારે રાજકોટથી અધિકારીઓ જ્યારે આ અંગે તપાસ કરવા આવ્યા ત્યારે તેમને ખ્યાલ આવ્યો અને તેઓ સપાટું જાગ્યું છે જે બાદ કારખાના ઉપર જઈ અને નમૂનાઓ અને સેમ્પલ લઇ લોકોને તપાસ કરી છે ત્યારે આ તંત્ર કેટલું બેદરકાર છે તે અહીં સ્પષ્ટ દેખાય છે. આ બેદરકારીને કારણે ચાર બાળકોના ભોગ લેવાયા છે પહેલું બાળક ત્યારે બીમારીનો ભોગ બન્યો ત્યારે તેમને ઉપલેટામાં સારવાર લીધી હતી ત્યારે આ સમયે જ તંત્રએ યોગ્ય ધ્યાન આપી અને પગલાં લીધા હોત તો બાકીના અન્ય લોકોને અસર ન થાત અને બાળકોનો જીવ બચી જાય ત્યારે વાપરવાહીના કારણે આ બાળકોના મોત થયા છે તેવું કહી શકાય છે.

બનાવ બન્યા બાદ એ પછી પણ તંત્ર એટલું બેદરકાર છે કે આજે જાહેરનામું બહાર પાડ્યા બાદ જિલ્લા કલેકટરે જે રીતે અમુક વિસ્તારને કોલેરા ગ્રસ્ત જાહેર કરી અને પ્રતિબંધો પાડતું એક જાહેરનામું બહાર પાડ્યું છે ત્યારે આ જાહેરનામાના અમલવારી માટે જવાબદાર તંત્રને જવાબદારી સોંપી છે ત્યારે આ બનાવને ૨૪ કલાક છતાં પણ પણ જવાબદાર અધિકારીઓ અને ખાસ કરીને મામલતદાર પોતાની ઓફિસમાંથી નીકળ્યા નથી અને સ્થળ ઉપર ગયા નથી કે કોઈપણ પ્રકારની કાર્યવાહી કરી નથી ત્યારે ઉપલેટામાં હાલ બે રોકટોક અને તપાસ કર્યા વગર ખાણીપીણીની વસ્તુઓ વહેંચાઈ રહી છે.

ઉપલેટા તાલુકા વિસ્તારના અમુક વિસ્તારને તંત્ર દ્વારા કોલેરા ગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા છે ત્યારે બે રોકટોક વેચાતી ચીજવસ્તુઓ અને થતી કામગીરીઓ ઉપર તંત્ર કોઈ પણ પ્રકારની કામગીરીઓ લેતી નથી ત્યારે આવા બનાવવાની અંદર જો વધુ કોઈપણ પ્રકારની જાનહાની કે કોઈપણ વ્યક્તિની આરોગ્યની પરિસ્થિતિ બગડશે તો આમાં જવાબદાર કોણ રહેશે જ્યારે અહીંયાના અધિકારીઓ કલેકટરના જાહેરનામાનો અમલ ન કરતા હોય અને માનતા ન હોય તેવું લાગી રહ્યો છે જેથી આ મામલે તાત્કાલિક અસરથી આ મામલે પગલા લેવા જોઈએ અને જાહેરનામાનોચુસ્ત અને કડક પડે અમલવરી થાય તે યોગ્ય છે.

આ બાબતને લઈને ઉપલેટાના મામલતદાર મહેશ ધનવાણિ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, ઉપલેટા તાલુકાના ગણોદ તણસવા રોડ ઉપર આવેલ પ્લાસ્ટિકના કારખાનાઓમાં કોલેરાના કેસો ક્યારે આવ્યા છે ત્યારે જિલ્લા કલેકટર દ્વારા ૨૩ જૂન ૨૦૨૪ થી જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે જેમાં કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે ઉપલેટા મામલતદારની નિમણૂક કરવામાં આવી છે. આ બાબતને લઈને પ્લાસ્ટિક એસોસિએશનના તમામ હોદ્દેદારો અને અધિકારીઓ વચ્ચે એક બેઠક યોજવામાં આવી હતી જેમાં તમામ નિયમો હુકમો અને સૂચનોનું યોગ્ય પણે પાલન કરવામાં આવે તે માટેની સૂચનાઓ આપવામાં આવી હતી આ સાથે જ કલેકટર દ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામા અનુસાર કારખાનાઓ તેમજ તેમની આજુબાજુના વિસ્તારની અંદર નિયમો અને હુકમોનું ચુસ્ત અને યોગ્ય પણે પાલન કરવામાં આવે તેવી સૂચના આપવામાં આવી છે અને સાથે જ જે કોઈ આ નિયમોનું ઉલંકન કરશે કે સૂચન હુકમનું પાલન નહીં કરે તેમની સામે તારા ધોરણ મુજબ અને નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે તેવું જણાવ્યું છે.

રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં આવેલ કારખાનાઓમાં કામ કરતાં મજૂરોના રજીસ્ટરો મેન્ટેન ન થતા હોવાની માહિતી સામે આવી છે જે રીતે તાજેતરની અંદર ચાર જેટલા બાળકોના મોત થયા છે ત્યારે તંત્ર દ્વારા આ મામલે ઊંડાણપૂર્વક પૂછતાછ અને તપાસ કરવામાં આવી રહી છે ત્યારે જો તંત્ર દ્વારા આ મામલાની અંદર ઊંડાણપૂર્વક પૂછતાછ અને તપાસના ધમધમાટ શરૂ કરવામાં આવે તો નિયમો હુકમો અને સૂચનોનું પાલન ન કરવામાં આવતું હોવાનું પણ સામે આવશે ત્યારે આ મામલે ઉપલેટા શહેર કોંગ્રેસ પ્રમુખ દ્વારા ગંભીર આક્ષેપ લગાવવામાં આવ્યા છે અને તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરી અને આ મામલાની અંદર બેદરકાર અને નિયમો હુકમો તેમજ સૂચનોનું પાલન ન કરનાર કારખાનેદારો તેમજ આસપાસના વિસ્તારના લોકો સામે યોગ્ય અને ધારા ધોરણ મુજબ કડક કાર્યવાહી કરવામાં આવે તેવી ઉપલેટા શહેર કોંગ્રેસ પ્રમુખે મીડિયા સમક્ષ પોતાની વ્યથા જણાવી તંત્ર પાસે માંગ કરી છે.

# રાજુલાના વિકટર ગામે રહીશોના ઘરોમાં વરસાદી પાણી ભરાયાં

(ધર્મેશ મહેતા દ્વારા)

રાજુલા,તા.૨૫

રાજુલા તાલુકાના વિકટર ગામેથી ભાવનગરસોમનાથ નેશનલ હાઇવે પસાર થાય છે. જેમાં નેશનલ હાઇવે ફોરલેનની કામગીરી ચાલુ છે. નેશનલ હાઇવે ફોરલેન પર ઓવરબ્રિજ બનાવવામાં આવેલ છે. આ ઓવરબ્રિજની બાજુમાં સાઇડ રોડની બાજુમાં ગટર બનાવવામાં ન આવતા વરસાદી પાણી લોકોનાં ઘરોમાં ભરાયા છે. આ અંગે વિકટર ગામના ગ્રામજનો દ્વારા નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા



ભાવનગર તથા નાયબ કલેકટર રાજુલાને લેખિત રજૂઆત કરવામા આવી હતી. વિકટર ગામે નેશનલ હાઇવે રોડના ઓવરબ્રિજ પાસે ગટર લાઇન માટે માંગ કરવામાં આવી પરંતુ તંત્ર દ્વારા કોઇ પગલાં લેવામાં ન આવતા લોકો હેરાન-પરેશાન થઇ રહ્યા છે. અને નિયમો મુજબ ઓવરબ્રિજ સાઇડ રોડની બાજુમાં જ ગટર લાઇન નાખવામાં આવતી હોય છે પરંતુ અહિયાં વિકટર ગામે નેશનલ હાઇવે ઓથોરિટી દ્વારા ગટર લાઇન ન બનાવતા રહીશોના ઘરોમા વરસાદી પાણી ભરાતાં ભારે મુશ્કેલી વેઠવી પડે છે. હજુ ચોમાસામાં વરસાદની શરૂઆત થઈ છે ત્યારે આવી સર્જાઇ સર્જાઇ છે. ત્યારે હવે વિકટર ગ્રામજનોના નિરાકરણ કરવામા આવશે કે નહીં તે જોવાનુ રહ્યું છે.

# ઈવનિંગપોસ્ટના સીનીયર સીટીઝન માટે સંગીત સંધ્યાનો કાર્યક્રમ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૫

સરગમ કલબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટમાં તા.૨૬ બુધવારનાં રોજ ૫:૩૦ કલાકે એક શામ આપકે નામ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. તા.૨૯ શનિવારનાં રોજ ૫:૩૦ કલાકે સુર મંદિર મ્યુઝીકલ ગ્રુપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે.



અને તા.૩૦ રવીવારનાં રોજ ૫:૩૦ કલાકે યારાના મ્યુઝીકલ ગ્રુપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. જુના હિન્દી ફિલ્મી ગીતો તેમજ મધુર યાદગાર ગીતો કારાઓકે ઉપર રજુ કરવામાં આવશે. તો તમામ સરગમ કલબના ઈવનિંગ પોસ્ટના તમામ સભ્યોએ આઈ કાર્ડ ઉપર પ્રવેશ મળશે. આઈકાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે. તેના વગર પ્રવેશ નહિ મળે. તમામ મેમ્બરે સમયસર હાજરી આપવી.

કાર્યક્રમને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઈવનિંગ પોસ્ટનાં ઈન્ચાર્જ મનસુખભાઈ મકવાણા, સહ ઈન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, હરનેશભાઈ સોંલકી, શાકિરભાઈ કુરેશી, ઘનશ્યામભાઈ રાવલ અને દિનેશકુમાર હરજીવનભાઈ વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# ૫૦ વર્ષ પહેલાં સત્તા લાલસા માટે કટોકટી લાદી, કોંગ્રેસે વિશ્વની સૌથી મોટી અને ભારતીય લોકશાહી-બંધારણને કાળ કોટડી- જેલમાં પૂર્યા હતાઃ રાજુ ધ્રુવ


## કોંગ્રેસની કાળી કટોકટીમાંથી લોકશાહી બચાવવા ભૂગર્ભ લડાઈ લડી પોતાનો પ્રાણ ન્યોચ્છાવર કરવાની તૈયારી કરનાર નરેન્દ્ર મોદીએ આઝાદી માટે લડનારાઓને અંજલિ તેમજ યુવાનોને પ્રેરણા આપી છેઃરાજુ ધ્રુવ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૫

આજે ૨૫ જુનનો દિવસ દેશમાં લાદવામાં આવેલી કટોકટીની કડવી યાદોનો કાળો દિવસ છે. કોંગ્રેસે લગાવેલી કટોકટીને ૫૦ વર્ષ પુરા થઇ રહ્યા છે ત્યારે ભાજપના સૌરાષ્ટ્ર ભાજપના પ્રવક્તા રાજુભાઈ ધ્રુવે એક નિવેદનમાં જણાવ્યું છે કે, ભારતની મહાન લોકશાહી તથા બંધારણીય અધિકારો,લોકતાંત્રિક મૂલ્યોને જોખમમાં મૂકી સર્વસત્તાધીશ બનવાના મેલા મનસૂબા સાથે ૨૫ મી જૂન, ૧૯૭૫ ના રોજ ઇન્દિરા ગાંધી દ્વારા, કોઇપણ જાતના કારણ વગર, માત્ર પોતાની સત્તા બચાવવા દેશમાં કટોકટી લાદી દીધી હતી. ભારતમાં લોકશાહીના ચિરંતન મૂલ્યો સામે ગંભીર પડકાર ઉભો થતાં દેશ હચમચી ગયો હતો. અગાઉના બ્રિટિશકાળની બાહ્ય ગુલામી કરતાં આ આંતરિક ગુલામી વધુ ગૂંગળાવનારી હતી. ૨૫ મી જૂન, ૧૯૭૫ ના દિવસે કટોકટીએ દેશને સ્તબ્ધ બનાવી દીધો હતો. લોકાના મૂળભૂત અધિકારોમિટાવી દેવાયા, અખબારોને ગળાચીપ દેવાઇ, અદાલતોને પાંગળી બનાવી દેવાઇ, સંસદને નિષ્ક્રિયબનાવી દેવાઇ, રા.સ્વ.સંઘ ઉપર પ્રતિબંધ લાદી દેવાયો, વિપક્ષી અને વિરોધી રાજકીય નેતાઓને જેલનાસળિયા પાછળ ધકેલી દેવાયા અને ૬૦ કરોડ લોકોના આઝાદ રાષ્ટ્રને રાતોરાત ગુલામીના અંધકારયુગમાં ધકેલી દેવાનું 'મહાપાપ' આ કોંગ્રેસે કર્યુ હતું.

તેમણે જણાવ્યું છે કે, ઇન્દિરા ગાંધીની વિરુદ્ધ અલ્હાબાદ હાઇકોર્ટનો ચુકાદો તો કટોકટી લાદવા માટેનું મુખ્ય પરિબળ છે જ, પરંતુ આ ચુકાદા પહેલાં પણ ગાંધી સામે અનેક પડકારો ઊભા થયા હતા. 'ગરીબી હટાઓ'ના સૂત્રથી પ્રભાવિત થઇ પ્રજાએ તેમને સત્તાનાં સૂત્રો સોંપ્યાં હતાં, પરંતુ મોંઘવારીની ભીંસમાં સામાન્ય નાગરિક વધુ ને વધુ ભીંસાતો જતો હતો. સરકારી તંત્રમાં બેફામ ભ્રષ્ટાચારે માઝા મૂકી હતી. કોંગ્રેસનો આંતરિક વિખવાદ પણ ચરમસીમાએ હતો. જયપ્રકાશ નારાયણની



સંપૂર્ણ શાસકીય પરિવર્તન માટેની લોકક્રાંતિ પણ પ્રચલિત થતી જતી હતી. અખબારોમાં રોજ ઇન્દિરા ગાંધીના શાસનમાં કોંગ્રેસને ધોબી પછડાટ મળતાં અને અલ્હાબાદ વડી અદાલતના ચુકાદાએ ગાંધીની હાલત કફોડી કરી મૂકી. બીજી તરફ અખિલ ભારતીય સ્તરે ઇન્દિરા ગાંધીના રાજીનામાની માંગણી વધતી ચાલી. તેમના રાજકીય સાથીઓમાં પણ આ વિચાર તીવ્ર બનતો ગયો... પણ આ બધાંથી બચવા માટે ઇન્દિરાજી માટે એક નવા જ શસ્ત્રની જરૂરિયાત ઊભી થઇ... અને આમ સત્તા જવાના ભયમાંથી મહાન ભારતીય લોકશાહીને જેલ કારાવાસ માં પુરનાર કાળી કલંકિત કટોકટીનો જન્મ થયો.

ગુજરાતમાં મોરબી એન્જીનીયરિંગ કોલેજની હોસ્ટેલમાં વિદ્યાર્થીઓથી શરૂ થયેલુ આંદોલન ગુજરાતના અત્યંત નોંધપાત્ર સફળ નવનિર્માણ આંદોલનમાં પરિણમ્યુ અને તે આગળ જતા જયપ્રકાશ નારાયણ તથા સંઘ પરિવારના આંદોલનના કોંગ્રેસ અને ઇન્દિરા ગાંધીના પ્રખર કટોકટી સામેના આંદોલનનો એક મહત્વ હિસ્સો બન્યું. આમ ગુજરાત દેશને લગતી દરેક મહત્વની બાબતોમાં મહત્વપૂર્ણ રીતે અગ્રીમ હરોળમાં રહેતું આવ્યું.

કટોકટી કાળમાં કોંગ્રેસે નૈતિકતાના અને માનવીય વ્યવહારનાં તમામ ધોરણોને નેવે મૂકી દીધાં હતાં. કટોકટી દરમ્યાન કોંગ્રેસી સરમુખત્યાર શાસકોએ સંઘ જનસંઘના કાર્યકર્તાઓ સાથે જે અમાનવીય વ્યવહાર અને ઘાતકી જુલ્મો આચર્યા હતા તે જોઇને આઝાદી જંગના શહીદોની યાદ તાજી થઇ જાય છે.

જનસામાન્ય સુધી કટોકટી દૂર કરી દેશની લોકશાહી બચાવવા માટે સંઘર્ષનો સંદેશ પહોંચાડવો એ એક પડકાર હતો. કારણ કે, અખબારો પર કડક સેન્સરશીપ લાગુ હતી. આ પડકારને પહોંચી વળવા "ભૂગર્ભ પ્રકાશન" નું હથિયાર કામ આવ્યું. અનેક સ્વયંસેવકોના ઘેર ગુપ્ત મુદ્રણાલયો ચાલ્યાં દેશમાં બધી જગ્યાએ બધી જ ભાષામાં જુદા જુદા નામે સાપ્તાહિક, સમાચાર પત્રો, નિયમિતપણે પ્રકાશિત થતાં રહ્યાં. સ્વયંસેવકો ગુપ્તપણે, વેશપરિવર્તન કરીને પણ પત્રિકાઓનું વિતરણ કરતા હતા. ઘણીવાર તો ધાર્મિક પુસ્તિકાઓના નામે આવી ગુપ્ત પત્રિકાઓ છપાતી. વિદ્યાર્થીઓ, શ્રમિકો, મહિલાઓ, કિસાનો, અધ્યાપકો, વકીલો, ઉદ્યોગપતિઓને અપીલ કરતી પત્રિકાઓનું જે તે વર્ગમાં વિતરણ કરાતું. ભૂગર્ભ પ્રકાશન કટોકટી સંઘર્ષયાત્રામાં ખૂબ મદદરૂપ થયું.

કટોકટી દરમ્યાન કોંગ્રેસના સરમુખત્યારશાહી ભોગવતા ઇન્દિરા ગાંધીએ સંસદના પવિત્ર મંદિરમાં જે પાપ આચર્યુ તે અક્ષમ્ય છે. વર્ષ ૧૯૭૫ માં સંસદમાં પ્રથમ મોનસૂન સત્રમાં સરકારે ૩૯ મું સંવિધાન સંશોધન વિધેયક પસાર કરાવી લીધું. આ વિધેયક દ્વારા મીસાને વધુ ભયાનક બનાવવામાં આવ્યું.

૭ મી ઓગષ્ટે સરકારને ૪૦ મું. સંવિધાન સંશોધન વિધેયક મૂક્યું. આ એટલું વિચિત્ર વિધેયક હતું કે, કોંગ્રેસની સત્તાલાલસા કેટલી હદે પ્રબળ હતી તે દર્શાવે છે. આ વિધેયક દ્વારા ન્યાયાલયની સત્તા તદન પાંગળી બનાવી દેવામાં આવી.

રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને વડાપ્રધાન, લોકસભાના અધ્યક્ષ અને ચૂંટાયેલા સાંસદોની ચૂંટણીને પડકારતી અરજી પર ન્યાયાલય સુનાવણી ન કરી શકે તેવો ઉદેશ હતો. આ ચૂંટણીને પડકાર માત્ર સંસદ દ્વારા નિમાયેલ વિશેષ મંચ જ કરી શકે.તેમણે એમ પણ કહ્યું છે કે, ભારત એક સંઘ રાજય છે એટલે કે જુદા જુદા રાજયોનો બનેલો એક સંઘ, બંધારણના ઘડવૈયાઓએ આપણા દેશ માટે સમયવાયી અથવા સંઘીય શાસન વ્યવસ્થાની જોગવાઇ કરેલી છે. પરંતુ, જયારે જયારે કેન્દ્રમાં કોંગ્રેસનું શાસન આવ્યુ છે તેમણે કદી રાજય સાથે સુમેળભર્યા સંબંધો જાળવ્યા નથી. કલમ ૩૫૬ નો વધુમાં વધુ દુરઉપયોગ કોંગ્રેસ સરકારે કર્યો છે. પ્રજા દ્વારા ચૂંટાયેલી રાજય સરકારોને બરખાસ્ત કરવાનું મહાપાય કોંગ્રેસ સરકારે સેકંડો વાર આચર્યુ છે.

કટોકટી દરમ્યાન ગુજરાતમાં બાબુભાઇ જશભાઇ પટેલના મુખ્યમંત્રી પદ હેઠળની બીન કોંગ્રેસી સરકાર કાર્યરત હતી. ભાજપના પુરોગામી જનસંઘ સહિત અન્ય દળની સયુંકત સરકાર ગુજરાતમાં શાસન કરી રહી હતી તેથી કેન્દ્ર કોંગ્રેસી સરકાર હોવા છતાં ગુજરાતમાં જ્યાં સુધી જનતા-જનસંઘની સરકાર હતી ત્યાં સુધી પ્રજાનું કાળી કારમી કટોકટી સામે રક્ષણ કર્યું હતું. કટોકટી દરમિયાન ૨૫ જૂન, ૧૯૭૫ કટોકટી લાદયા બાદ દેશભરમાં મૂલ્યનિષ્ઠ રાજનેતાઓ- વિપક્ષીય નેતાઓને જેલ ભેગા કરી દીધા. સરકાર વિરૂધ્ધ બોલનારને મીસાના કાળા કાયદા હેઠળ કાળ કોટડીમાં પૂરી દીધા. પોલીસ અને શાસને દેશભરમાં હાહાકાર મચાવી દીધો. જાણે દેશ અંધકાર યુગમાં ચાલ્યો ગયો ! આવા સમયે ગુજરાતમાં બીનકોંગ્રેસી સરકાર હોવાથી કટોકટી સામેના આંદોલનનું મુખ્ય કેન્દ્ર બની ગયું. ગુજરાતમાંથી કટોકટી સાથેના સંઘર્ષ કરનારાઓને મોકળું મેદાન મળી ગયું. આ વાત ઇન્દિરા ગાંધીને આંખમાં કણાની જેમ ખૂંચતી હતી. અંતે લોકો દ્વારા ચૂંટાયેલી બાબુભાઇ જશભાઇ પટેલની સરકારને કલમ ૩૫૬ મુજબ સુરપસીડ કરી નાંખી. કોઇપણ જાતના કારણ વગર બીનલોકશાહી ઢબે લોકશાહી ઢબે ચુંટાયેલી સરકારને ઘેર બેસાડી દીધી બાબુભાઇ પટેલે તા.૯-૬-૧૯૭૫ થી તા. ૧૨-૩-૧૯૭૬ સુધી માંડ શાસન કર્યુ તા.૧૨-૩-૧૯૭૬ થી તા.૨૪-૧૨-૧૯૭૬ સુધી કેન્દ્ર સરકારે રાષ્ટ્રપતિ શાસન લાગુ કરી દીધું.

કટોકટીના ઓગણીસ મહિના સુધી સેંકડો રાજનેતાઓ, સંઘના આગેવાનો, પત્રકારો વગેરેએ ભૂર્ગભવાસ સેવી કટોકટી સામે લડત ચલાવેલ. આમાં એક અગ્રેસર નામ છે નરેન્દ્રભાઇ મોદીનું. કટોકટી દરમિયાન ભૂગર્ભ પ્રવૃત્તિ કઇ રીતે ચાલતી તેની વાતો નરેન્દ્રભાઇ મોદી લીખિત પુસ્તક "સંઘર્ષમાં ગુજરાત" માં તલસ્પર્શી રીતે આલેખાઈ છે. કલ્પનાં કરતાં સત્ય વધુ રોમાચંક હોયએ વાતની પ્રતીતિ કરાવતી આ સંઘર્ષ કથાના લેખક આજીવન લડવૈયા અને આજ ના યશસ્વી લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઇ પોતે સંઘર્ષકાળનાં કુશળ સંગઠક અને કટોકટી સામેની લડાઈમાં નિરીક્ષક એમ બેવડી ભૂમિકા ભજવતા. "સંઘર્ષમાં ગુજરાત" પુસ્તક જાત અનુભવથી રંગાયેલું છતાં પરિસ્થિતિનું મૂલ્યાંકન કરે તેવું છે. નરેન્દ્રભાઇ મોદીનું આ પુસ્તક સંઘર્ષના ઇતિહાસમાં ગુજરાતને મહત્વના દસ્તાવેજનું અને સંઘર્ષ-યુદ્ધકથાનું બંનેનું અમૂલ્ય પ્રદાન કરે છે.

કટોકટી દરમિયાનની ભૂગર્ભ પ્રવૃત્તિ કેટલી અઘરી અને વિરાટ હતી તે વાત જાત અનુભવના આધારે પોતાના પુસ્કતમાં લખતાં નરેન્દ્રભાઇ મોદી કહે છે ,દેશભક્તિ અને ત્યાગના રંગોથી રંગાયેલા સંઘ-જનસંઘના આ કાર્યકર્તાઓ દરેક પળે બલિદાન માટે તૈયાર હતા અને તેથી જ લોકશાહી બચાવોની કઠિન ભૂગર્ભ સંઘર્ષ-યુદ્ધ આંદોલન પ્રવૃત્તિ શક્ય બની.

નરેન્દ્રભાઇ મોદી લીખીત પુસ્તક સંઘર્ષમાં ગુજરાત કે જેમાં કટોકટીની સંઘર્ષગાથા આલેખાઇ છે. તેમનું પુસ્તક પ્રગટ થતાં જ તેની બધી જ પ્રતો ચપોચપ વેંચાઇ ગઇ હતી. કટોકટીનાં કાળમીંઢ અંધકારમાં દીવાદાંડી બની રહેલાં સંઘ અને બીજી સંસ્થાઓના સંઘર્ષની કથા વાંચતા લેખક નરેન્દ્રભાઈના સ્વરૂપમાં એક કુશળ ઈતિહાસકારની દ્રષ્ટિનો સહજ અનુભવ થાય છે.કટોકટીના બે મહિના પછી લંડનમાં ભારતની સ્થિતિ અંગે એક વિચારગોષ્ઠીનું આયોજન થયેલ આ આયોજન 'ઇન્ટરનેશનલ ઇન્સ્ટિટયુટ ફોર સ્ટ્રેટજીક સ્ટડીઝ' દ્વારા કરવામાં આવેલ, જેમાં લંડન વિશ્વ વિદ્યાલયના પીટર લાયને પોતાના પ્રવચનમાં કહ્યું હતું કે, ઇન્દિરા ગાંધી દ્વારા લેવામાં આવેલ કટોકટીનું આ પગલું તેમના માટે રાજનૈતિક પતન સમાન પુરવાર થશે. રાજુભાઈ ધ્રુવે અંતમાં કહ્યું છે કે, આ ભવિષ્યવાણી સાચી પડી છે અને આજે કોંગ્રેસને પ્રજાએ ધૂતકારી સત્તાથી દુર કરી છે. અસ્તિત્વ બચાવવાની નોબત આવી છે.

# શ્રીકષ્ટભંજનદેવ દાદાને ફુલોનો દિવ્ય શણગાર



વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી તા. ૨૫-૬ ને મંગળવારે સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી તથા ૭ કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી (અથાણાવાળા) દ્વારા કરવામાં આવેલ. દાદાને ગુલાબના ફુલોનો દિવ્ય શણગાર કરવામાં આવ્યો હતો. તેમજ મંદિરની યજ્ઞશાળામાં મારુતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગેમ ઝોનના મૃતકોની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે રાજકોટ સ્વયંભુ બંધ સજ્જડ બંધ

# ભ્રષ્ટ નેતા અને ભ્રષ્ટ અધિકારીઓ સામે લોકરોષ ભભૂક્યો: કોંગ્રેસ














## બંધમાં જોડાનાર તમામ વેપારી અને વેપારી એસોસિયેશનનો શહેર કોંગ્રેસે આભાર વ્યક્ત કર્યો

રાજકોટ, તા.૨૫

શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી ની યાદી મુજબ તારીખ ૨૫ મે ૨૦૨૪ના રાજકોટમાં TRP ગેમ ઝોનમાં લાગેલી વિકરાળ આગમાં અનેક માનવ જિંદગી હોમાઈ જતા રાજકોટ મહાનગરપાલિકા, આર એન્ડ બી, રાજકોટ શહેર પોલીસ તંત્ર ની ગુનાહિત બેદરકારી નો સામે આવી હતી અને રાજ્ય સરકારે આ મામલે SIT નું ગઠન કરી ત્રણ ત્રણ કમિટી રચવા છતાં કોઈ નેતા કે જવાબદાર **IAS** કે **IPS** ની ધરપકડો ન કરતા કે સસ્પેન્ડ પણ નહીં કરતા પ્રથમ દ્રષ્ટિએ જ આ તપાસ એ શાસક પક્ષના આદેશથી સત્તાધીશોની સિધી દોરવણી હેઠળ ચાલી રહી છે. તેવું ફલિત થતાં પીડિત પરિવારો અને રાજકોટ શહેરમાં લોકરોષ ભભૂક્યો હતો. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ, રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ ખભે ખભા મિલાવી પીડિત પરિવારોની વહારે આવી. ગુજરાત પ્રવેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ રાજ્યસભાના સાંસદ શક્તિસિહ ગોહિલે પીડિત પરિવારોની મુલાકાત લઈ કોંગ્રેસ હરહંમેશ રાજકોટની જનતા અને પીડિત પરિવારોને ન્યાય માટે કટિબદ્ધ છે તેવું જણાવ્યું હતું એટલું જ નહીં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિ અને ખુદ રાહુલ ગાંધીએ પણ આ અંગે પોતે સંસદમાં મુદ્દો ઉઠાવવા બાબતે પીડિત પરિવારો સાથે ગુજરાત કોંગ્રેસના નેતાઓ સાથે ચર્ચા કરી. રાજકોટમાં ત્રણ દિવસ શહેરના ઐતિહાસિક ત્રિકોણ બાગ ખાતે ઉપવાસ આંદોલન ના કાર્યક્રમો કરાયા બાદ રાજ્ય સરકાર કે પોલીસ તંત્ર દ્વારા આ મુદ્દે કોઈપણ જાતનો હકારાત્મક કે નકારાત્મક પ્રત્યુતર ન મળતા સમગ્ર રાજકોટની જનતા અને પીડિત પરિવારનો રોષ જોઈ રાજકોટમાં બંધનું એલાન આપવામાં આવેલ હતું અને આ બંધના એલાનમાં રાજકોટના ચેમ્બર ઓફ કોમર્સ, દાણાપીઠ એસોસિયેશન, લાખાજીરાજ રોડ એસોસિએશન, જંકશન રોડ વેપારી એસોસિએશન, ગોલ્ડ ડીલર્સ એસોસિએશન, પરાબજાર એસોસિએશન, ચુનારાવાડ ચોક એસોસિએશન, ઢેબર રોડ ફર્નિચર એસોસિયેશન, સહિતના રાજકોટના તમામ વેપારી એસોસિયેશને ખુલો ટેકો જાહેર કર્યો હતો અને શહેરમાં શાસકોનો ઈશારે પોલીસ દ્વારા રાજકીય હાથો બની બંધના એલાનમાં હવનમાં હાડકા નાખવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ રાજકોટવાસીઓનો લોકરોષ અને આક્રોશને પગલે રાજકોટના ખૂણે ખૂણામાં મુખ્ય રસ્તાઓ સહિતની દુકાનો આજે બપોર સુધી સજ્જડ અને સ્વયંભુ બંધ રાખવામાં આવી હતી. જે વિસ્તારો ધર્મેન્દ્ર રોડ, લાખાજીરાજ રોડ, પરા બજાર, દાણાપીઠ, કોઠારીયા રોડ, સોરઠીયાવાડી, ચુનારાવાડ ચોક, ભક્તિનગર સર્કલ, ગુંદાવાડી, સોરઠીયાવાડી, જંકશન, ગાયકવાડી, રૈયા રોડ, બજરંગવાડી, કૃષ્ણનગર મેઇન રોડ, ઢેબર રોડ, લોધાવડ ચોક, ગોંડલ રોડ, ગાયત્રીનગર રોડ સહિતના રાજકોટના મુખ્ય રસ્તાઓ માં વેપારીઓમાં ભ્રષ્ટ અધિકારીઓ અને ભ્રષ્ટ તંત્ર સામેનો લોકરોષ સામે આવ્યો હતો અને ભ્રષ્ટાચારી શાસકો સામે પ્રથમ વખત વેપારીઓ હિંમત દાખવી સ્વયંભૂ અને સજ્જડ બંધ રાખેલ છે. આ તમામ વેપારીઓનો રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ ખરા દિલથી હૃદય પૂર્વક આભાર વ્યક્ત કરે છે એટલું જ નહીં રાજકોટમાં છેલ્લા એક માસથી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના માર્ગદર્શન હેઠળ રાજકોટમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ વડગામના ધારા-સભ્ય જીગ્નેશ ભાઈ મેવાણી અને સેવાદળના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજીભાઈ દેસાઈ ગુજરાત પ્રેસ કોંગ્રેસ સમિતિના કિસાન સેલના પ્રમુખ પાલભાઈ આંબલીયાની આગેવાનીમાં કાર્યકરોને જોમ અને જુસ્સો પુરો પાડવામાં આવેલ હતો એક મહિનાથી સતત મીટીંગો, આવેદનપત્ર, કાર્યકરો આગેવાનો સાથે મંત્રણા દરેકને વોર્ડ વાઈઝ જવાબદારી વોર્ડ પ્રમુખો, કોંગ્રેસના તમામ નેતાઓ દ્વારા એક લાખથી વધુ પત્રિકાઓ ત્રિકોણબાગના કાર્યક્રમો અંગેની ડોર ટુ ડોર આપવામાં આવી હતી ત્યારબાદ રાજકોટ બંધના એલાન સંદર્ભે ભારતના અનેક રાજ્યોમાંથી જેમાં તેલંગાણા, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, બિહાર, મહારાષ્ટ્રથી આવેલા કોંગ્રેસના ચુનંદા કાર્યકરો દ્વારા શહેર કોંગ્રેસ સમિતિના આગેવાનોને સાથે રાખી એકાદ લાખ પત્રિકાઓ વેપારીઓને જાહેર રસ્તા ઉપર હાથો હાથ આપી બંધ રાખવા નમ્ર વિનંતી અને અપીલ કરવામાં આવી હતી. તમામ શહેર કોંગ્રેસના કાર્યકરો અને ગુજરાત બહારથી આવેલા તમામ કોંગ્રેસના આગેવાનો કાર્યકરોનો પણ આભાર રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ અતુલ રાજાણીએ વ્યક્ત કર્યો છે.

# રાજકોટની પ્રજા ભાજપના ભ્રષ્ટાચારથી ગળે આવી ગઇ: ઇન્દ્રનીલ



રાજકોટ, તા.૨૫

રાજકોટના અગ્નિકાંડને આજે એક મહિનો પૂરો થયો છે ત્યારે કોંગ્રેસ દ્વારા આપવામાં આવેલા શાંતિપૂર્ણ બંધના એલાનને સંપૂર્ણ સફળતા મળી છે અને શહેરની પ્રજાએ બંધ પાળીને ભ્રષ્ટાચારી ભાજપ અને રાજ્ય સરકારના ગાલે તમાચો માર્યો છે તેવું કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય અને કોંગ્રેસના હાથ સે હાથ મિલા અભિયાનના કન્વીનર ઈન્દ્રનીલ રાજગુરૂએ જણાવ્યું છે.

તેમણે જણાવ્યું છે કે કોંગ્રેસના દરેક સ્તરના કાર્યકરોએ રાજકોટ બંધ સફળ થાય તે માટે પ્રયાસો કર્યા હતા અને રાજકોટની પ્રજાએ આ લાગણીનો પડઘો પાડીને આજે બંધ પાળ્યું છે એ જ બતાવે છે કે રાજકોટની પ્રજા ભાજપના ભ્રષ્ટાચારથી કેટલી ગળે આવી ગઈ છે.

ઈન્દ્રનીલ રાજગુરૂએ એમ પણ જણાવ્યું છે કે માત્ર રાજકોટની દુર્ઘટના જ નહીં પરંતુ મોરબી, સુરત, વડોદરા અને પાલનપુરમાં બનેલી ઘટનાઓમાં સીટની રચના કરી ભાજપના ભ્રષ્ટાચાર ઉપર ઢાંકપીછોડો કરવાની કોશિશ થઈ છે. તેવો આક્ષેપ કર્યો છે. કોંગ્રેસે રાજકોટ માટે રચાયેલી સીટમાં અધિકારીઓને બદલવાની



માગણી કરી છે પરંતુ સરકારે પોતાના જ નેતાઓને બચાવવા માટે આ માગણી સ્વીકારી નથી. રાજકોટની પ્રજા આ બધું જ જાણે છે અને એટલે જ કોંગ્રેસની લાગણીનો પડઘો આજે મૌન રહીને વ્યક્ત કર્યો છે.

તેમણે એમ પણ જણાવ્યું છે કે, રાજકોટવાસીઓએ આજે સંપૂર્ણ બંધ પાળીને રાજ્ય સરકારને અને ભ્રષ્ટ મહાનગરપાલિકાને તમે ભ્રષ્ટાચાર કરવામાં હદ વળોટો છો તેવું કહીને રૂકજાવનો સ્પષ્ટ સંદેશો આપ્યો છે.

ઈન્દ્રનીલ રાજગુરૂએ આજે બંધમાં સમર્થન આપનાર તમામ વેપારીઓ,ઉદ્યોગકારો, સ્કુલ - કોલેજના સંચાલકો, કોચિંગ ક્લાસના સંચાલકો, તેમજ સમગ્ર રાજકોટની પ્રજાનો આભાર પણ માન્યો છે

**શહેરની પ્રજાએ બંધ પાળીને ભ્રષ્ટાચારી ભાજપ અને રાજ્ય સરકારના ગાલે તમાચો માર્યો: ઇન્દ્રનીલ રાજગુરૂ**

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક
જલદી તમે પણ જોડાઇ જાવ ડિજિટલ ક્રાંતિ સાથે
FOLLOW US
YouTube ----------> @saurashtrakrantidaily
@Saurashtra kranti
LIVE
BREAKING NEWS
વોટ્સએપમાં અમારી સાથે જોડાઓ...
'Hi'લખીને મોકલો #95125 28005

# રાજયનાં ૧૦૨ તાલુકામાં વધુ ૦.૫ થી ૪.૫ ઈંચ વરસાદ

**માતરમાં ૪.૫, ચુડામાં ૩.૫, ધંધુકામાં-૩ તથા સુરત-ગાંધીનગર જિલ્લામાં બે ઈંચ, કલ્યાણપુરમાં પણ-૨ અને ભાણવડમાં દોઢ ઈંચ**

રાજકોટ,તા.૨૫

સૌરાષ્ટ્ર-ગુજરાતનાં ૧૦૨-તાલુકામાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન ૦૫ થી ૪.૫ ઈંચ સુધીનો વરસાદ નોંધાયો હતો. સૌથી વધુ ખેડાનાં માતરમાં ૪.૫ ઈંચ જેટલો ધોધમાર વરસાદ વરસ્યો હતો. તથા પંચમહાલનાં કલોલમાં-૪, સુરેન્દ્રનગરનાં ચુડામાં ૩.૫ ઈંચ, અમદાવાદનાં ધંધુકામાં પોણા ત્રણ ઈંચ, વરસાદ નોંધાયો હતો.



જયારે જામનગરનાં લાલપૂરમાં પણ અઢી ઈંચ જેટલો વરસાદ પડયો હતો.આ ઉપરાંત ગાંધીનગરનાં માણસા, સુરતનાં ઓલપાડ અને ખેડામાં ૨ ઈંચ, તાપીનાં વાલોદ, દ્વારકાના કલ્યાણપૂરમાં પણ બે-બે ઈંચ વરસાદ નોંધાયો હતો. ડાંગના વધઈ તથા તાપીના વ્યારાનાં દોઢ ઈંચ, કચ્છનાં નખત્રાણા અને વલસાડમાં પણ દોઢ ઈંચ, દ્વારકાના ભાણવડમાં દોઢ ઈંચ, સુરેન્દ્રનગરનાં ચોટીલામાં સવા ઈંચ, બોટાદમાં પણ સવા ઈંચ, રાણપૂરમાં ૧ અને કચ્છનાં અંજારમાં ૧ ઈંચ સુરેન્દ્રનગરનાં લિંબડીમાં પોણો, ભાવનગરનાં ઉમરાળા, જામનગર તથા સુરેન્દ્રનગરનાં મૂળીમાં ૦.૫ -૦.૫ ઈંચ વરસાદ નોંધાવા પામ્યો હતો.

દરમ્યાન સૌરાષ્ટ્ર માંથી મળતા અહેવાલો મુજબ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા બે દિવસના મેઘરાજાના મુકામ વચ્ચે ગઈકાલે સૌથી વધુ કલ્યાણપુર તાલુકામાં દોઢ ઈંચ વરસાદ નોંધાયો છે. જ્યારે અન્યત્ર ઝાપટા વરસ્યા હતા.

સૂત્રો દ્વારા જારી કરવામાં આવેલા આંકડા મુજબ ગઈકાલે સોમવારે બપોર સુધીમાં કલ્યાણપુર તાલુકામાં ૪૨ મી.મી. વરસાદ વરસ્યો હતો. ત્યારે ભાણવડમાં ૫ અને ખંભાળિયામાં ૩ મી.મી. વરસાદ નોંધાયો છે.

ગઈકાલે ખંભાળિયા પંથકમાં દિવસ દરમિયાન વરાપ રહ્યો હતો અને સૂર્યનારાયણના દર્શન થતા વાતાવરણ ચોખ્ખું બની રહ્યું હતું. જોકે ગઈકાલે તેમજ આજે પણ બફારા ભર્યા માહોલ સાથે આજે સવારથી વરસાદી વાતાવરણ જોવા મળ્યું હતું.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આજે સવારે ૮ વાગ્યા સુધીમાં ખંભાળિયા તાલુકામાં ૩૩૬ મી.મી., ભાણવડ તાલુકામાં ૧૦૩, કલ્યાણપુર તાલુકામાં ૫૩ અને (જુઓ.પાનું.૫)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક
જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો
ફક્ત રૂા.૬૦માં
+5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.